॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦**/–

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ પરમાત્મામાં તન્મય ભક્ત સ્વયં પરમાત્મા ॥

સંત દાદૂદયાલના એક શિષ્ય હતા રજ્જબ. બહુ ગજબના શિષ્ય હતા રજ્જબ. ગુરુની સેવા કરવા ગુરુ પાસે રહ્યા. ગુરુ સાથે સાધના કરતા, ધ્યાન કરતા. ભીતર બહુ આનંદિત રહેતા. એક દિવસ દાદૂદયાલનો ક્ષર દેહ નાશ પામતાં રજ્જબ એને નિષ્પલક નેત્રે નિહારતા રહ્યા. ન રડ્યા, ન આર્તનાદ કર્યો, ન આંસુ વહાવ્યાં. બિલકુલ સ્થિર થઈ ગયા. દાદૂદયાલની અંતિમ યાત્રાની તૈયારીઓ થઈ ગઈ. ગુરુના દેહને ચિતા પર મૂકી એને અગ્નિદાહ અપાયો. અગ્નિ ભભકતાં જ રજ્જબે આંખો બંધ કરી દીધી. કહેવાય છે એ પછી રજ્જબે આખી જિન્દગી આંખો ન ખોલી. કોઈએ પૂછ્યું; 'રજ્જબ તમે આંખો કેમ નથી ખોલતા ? ઈશ્વરને ધન્યવાદ અર્પો કે એણે તમને આંખો આપી છે. તમે અંધ નથી. બંધ આંખો ખોલી નાખો.' રજ્જબે કહ્યું; 'આ વિશ્વમાં જે દર્શન કરવા યોગ્ય હતું એનું દર્શન ખૂબ કરી લીધું. નેત્રો તૃપ્ત થઈ ગયાં. જ્યારે એ જ ચાલી ગયા તો હવે સંસારમાં જોવા જેવું કાંઈ બચ્યું જ નહિ. હવે કોને જોઉં ?' એ નિર્ગુણ, નિરાકાર બ્રહ્મ મારા સદ્‌ગુરુના રૂપમાં સન્મુખ હતા. મેં પરમાત્માનું સાક્ષાત દર્શન કર્યું છે. હવે મારો એ પરમાત્મા અનંતમાં વિલીન થઈ ગયો. પંચભૂતથી બનેલો દેહ પંચભૂતમાં મળી ગયો. હવે જોવાલાયક કંઈ બચ્યું જ નથી. પછી રજ્જબે આંખો ખોલી જ નહિ. આવા રજ્જબ જેવા પ્રેમી ભક્તથી ધરતી પણ પાવન અને પવિત્ર થઈ જાય છે, કેમકે તેઓ પરમાત્મામાં એવા તન્મય થઈ જાય છે, કે એમનું દર્શન સ્વયં પરમાત્માનું દર્શન જ હોય છે.

**—સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

॥ મે-૨૦૨૧ ॥

God desires to wear
A garland made by Mankind
which is why his own basket of flowers
Is left in the lap of the soil
For us to find.

'માનવજાત દ્વારા ગૂંથાયેલી માળા પ્રભુ પહેરવા ચાહે છે તેથી જ ધરતીના ખોળામાં આપણને શોધવા સારુ પોતાની ફૂલછાબ બિછાવી દીધી છે.'

—રવીન્દ્રનાથ ટાગોર



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | 'સંતસેવા' જેનાં શ્વાસ-પ્રાણ | શ્રી 'મા' સર્વેશ્વરી | ૧૦ |
| ૩. | ઊઠી શમવે તે સંત | શ્રી યોગેશ્વરજી | ૧૩ |
| ૪. | કૃષ્ણ-સુદામા | શ્રી યોગેશ્વરજી | ૨૧ |
| ૫. | અ-મૃત જ્યોતનું અજવાળું | ડૉ.કુમારપાળ દેસાઈ | ૨૪ |
| ૬. | માનવજીવનનું વિહંગાવલોકન | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૦ |
| ૭. | શ્રી શ્રી મા આનંદમયી પ્રસંગરંગ | શ્રી કાર્તિકેય ભટ્ટ | ૩૮ |
| ૮. | આ જીવનને મંદિર કરી દો | શ્રી 'મા' સર્વેશ્વરી | ૫૪ |
| ૯. | 'સ્વર્ગારોહણ'ની શિવરાત્રિનો શિવસંદેશ | સંકલન | ૫૭ |
| ૧૦. | 'શત યોગવંદનમ્' : અદ્‌ભુત સ્મૃતિપર્વ | ડૉ. અરુણા ઠાકર | ૬૦ |

# નિવેદન : સંત પરમ હિતકારી

જેમ પરમાત્માનાં ગુણ-શક્તિ અપાર અને અસીમ છે તેમ સદ્‌ગુરુની શક્તિ પણ અમાપ અને સીમાહીન છે. કબીરસાહેબ એટલે જ કહે છે :

'સબ ધરતી કાગદ કરું, લેખની સબ વનરાય
સાત સમુંદરકી મસી કરું, ગુરુગુન લીખા ન જાય.'

અર્થાત્ 'પૃથ્વીનો કાગળ, વનરાજિની કલમ, સાત સમંદરની શાહી લઈએ તો પણ સદ્‌ગુરુનાં ગુણગાન લખાય નહિ.'

તાત્પર્ય એ કે સદ્‌ગુરુ પરમાત્માનું પ્રગટ રૂપ છે. સદ્‌ગુરુ આત્માને નિજધામ પહોંચાડવાનું નિમિત્ત બને છે કેમ કે તેઓશ્રી બાહ્યરૂપે માનવ છે પણ ભીતરથી પરમાત્મા છે.

આવા સદ્‌ગુરુની શોધ માટે જીવન સમર્પિત કરી દેવું પડે તોય ઓછું છે.

'શિર કટાયે ગુરુ મિલે તો ભી સસ્તા સોદા જાન.'

જો આપણને પૂર્ણ સંત-સદ્‌ગુરુ રાહબર તરીકે મળી જાય તો તે સર્વપ્રકારે હિતકારી નીવડે.

એટલે જ 'ગીતા'માં શ્રીકૃષ્ણ કહે છે : 'તું એવા જ્ઞાનીને દંડવત્ પ્રણામ, સેવા કરીને અને પ્રશ્નો પૂછીને જ્ઞાન પ્રાપ્ત કરી લે. તે તત્ત્વદર્શી તને એ જ્ઞાનનો ઉપદેશ કરશે.'

સદ્‌ગુરુની તન, મન, ધનથી સેવા કરવી જોઈએ. તનની સેવાથી અહંભાવનો ક્ષય થાય છે ને સૌમાં સમાન ભાવની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. મનની સેવાથી સતત ગુરુસ્મરણ રહે છે પરિણામે દુનિયા પરનો મોહ ઘટે છે, ધનની સેવાથી સ્વામિત્વનો ભાવ નાશ પામે છે. આમ ગુરુસેવા ભક્તિની શ્રેષ્ઠ કમાઈ બની રહે છે.

વળી, સાચા સંત જિજ્ઞાસુને પોતાની સાથે નહિ, સર્વવ્યાપક પરમાત્મા સાથે જોડી દે છે; ને જન્મમરણના ચક્રમાંથી છોડાવે છે. એટલે જ કહેવાયું છે :

'ગુરુ ગોવિંદ દોનોં ખડે કિસકો લાગુ પાય ?
બલિહારી ગુરુદેવકી જિન ગોવિંદ દિયો બતાય.'



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૮૮**
**તા. ૧૨-૨-૮૩, શનિવાર, મહા વદ અમાસ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે સવારે પૂ.શ્રી થોડું લેખન કરી આરામ કરે છે. ગીતાપાઠ ને વ્યાયામ તો નિયમિત થાય જ છે.

આજે ખીચડી ને કઢીનું ભોજન લીધું. ત્યારબાદ ફરી થોડો આરામ કર્યો.

આજે ધિ ડિવાઈન લાઈફ સૅન્ટર તરફથી યોગશિબિર શરૂ થનાર છે. તેમાં પૂ.શ્રી 'કર્મયોગ' ઉપર અંગ્રેજીમાં પ્રવચન આપવાના છે.

ભોજન લીધા બાદ બહાર બાગમાં આંટા માર્યા. ત્યારે પૂ.શ્રી એ ભવિષ્યમાં કોઈ આશ્રમ બને તો તે ક્યાં ને કેવો હોવો જોઈએ તેની થોડી વાતો કરી.

સાંજે પોણા પાંચ વાગ્યે ડિવાઈન લાઈફની સંસ્થામાં જવાનું બન્યું. વરસાદ વરસતો હતો. છતાં હૉલ આખોયે ભરાયેલો હતો. યોગશિબિરમાં સાધકો ભાગ લઈ રહ્યા હતાં. અમે ગયાં ત્યારે વાંચન ચાલતું હતું. હૉલમાં મંચ ઉપર અમારી બેઠક હતી.

અધ્યક્ષ સ્વામી શ્રી સહજાનંદજી નીચે જ બેઠા હતા. પૂ.શ્રીએ હંમેશની જેમ તેમને ઉપર બેસવા વિનંતિ કરી. આમ, અમે ત્રણ મંચ ઉપર બેઠાં. તરત જ વાંચન બંધ થયું. પૂ.શ્રીને સ્વામી શ્રી સહજાનંદજીએ કહ્યું કે, આપને જેટલું બોલવું હોય તેટલું બોલજો. તેથી પૂ.શ્રીએ એક કલાક 'કર્મયોગ' ઉપર અંગ્રેજીમાં પ્રવચન આપ્યું.

પ્રવચન બાદ સ્વામીજી પૂ.શ્રીની સાથે બહાર આવે છે ને અમને વિદાય આપે છે. વરસતા વરસાદમાં પણ સ્વામીજી બહાર ઊભા રહે છે.

અહીંથી વિદાય થઈ અમારે ડરબનથી દૂર એક કલાકના મોટર-માર્ગે પીટરમેરીસબર્ગ નામના શહેરમાં જવાનું હતું.

વરસાદ ચાલુ જ રહ્યો. અમે સાત વાગ્યે પીટરમેરીસબર્ગ પહોંચી ગયાં. પરંતુ વેદમંદિર ક્યાં હતું તે શોધવામાં મુશ્કેલી પડી. આ ઘણો મોટો ભારતીય વિસ્તાર છે. તેમાં જુદા જુદા માર્ગો ને બંગલાઓ હતા. લાહોર રોડ, બોમ્બે રોડ, ઝાંસી રોડ પસાર કરતાં કરતાં અમે આગળ વધ્યાં.

શહેરમાં પ્રવેશતાં જ એક ભાઈને પૂછવાથી તેમણે અમને એમની પાછળ આવવાનું કહ્યું. રસ્તામાં સનાતન ધર્મ સભા હૉલ આવ્યો. ત્યાં તપાસ કરી તો તે હૉલમાં તો લગ્નોત્સવ હતો. ત્યાંથી આગળ ચાલ્યાં. ત્યાં એક ગાડી મળી. તેમણે અમને પૂરતું માર્ગદર્શન આપ્યું. પરિણામે અમે સાત વાગ્યાને બદલે સાડા સાત વાગ્યે વેદમંદિરના હૉલમાં પહોંચ્યાં.

હૉલમાં મંચ ઉપર હવન વિધિ પૂરો થયો હતો. હવનની આસપાસ જ ત્રણચાર ખુરશીઓ અને એક મોટું ટેબલ હતાં.

પૂ.શ્રીએ અહીં પણ અંગ્રેજીમાં જ પ્રવચન આપ્યું. 'શિવરાત્રીનો સંદેશ' એ પ્રવચન-વિષય હતો.

પ્રવચન બાદ મહર્ષિ દયાનંદના જીવનની કથા રજૂ કરતું એક ભજન ત્યાંના યુવકમંડળે ગાયું. ત્યારબાદ નાનાં



બાળકોએ દયાનંદજીના જીવન વિશે હિન્દીમાં એક એક પ્રસંગ કહ્યો.

આ દેશમાં બાળકો સરસ હિન્દી બોલતાં હતાં તે જાણીને આનંદ થયો. હિન્દી ભાષા માટેની શિક્ષકોની મહેનત સારી ગણાય.

આજનું પ્રવચન ખૂબ સરસ હતું. શ્રોતાઓ પૈકી બધાંએ જ એ અભિપ્રાયમાં સૂર પૂરાવ્યો.

પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો પૈકી એક જ પ્રવચન સાંભળીને સૌ કોઈ પ્રશંસા કરવા લાગી જાય છે. સૌને પ્રવચન સ્પર્શી જાય છે.

પૂ.શ્રી અંગ્રેજી પ્રવચનો માટે પણ કોઈ તૈયારી કરતા નથી. પ્રાર્થના કરે છે અને સહજ રીતે જ બોલવાનું ચાલુ થઈ જાય છે.

વિવિધ વિષયો, વિવિધ સંસ્થાઓ ને વિવિધ સિદ્ધાંતો છતાં સૌને સંતોષ થાય છે અને પ્રસન્ન થઈને બોલી ઊઠે છેઃ ખૂબ સરસ પ્રવચન હતું, ત્યારે આપણને ક્ષણિક તો અવશ્ય લાગે જ કે, પૂ.શ્રીની વાક્-વિચારશક્તિ પાછળ પ્રભુની પરમ કૃપા જ છે.

વિદાયવેળાએ સંચાલકોએ પૂ.શ્રીને એક અઠવાડિયા સુધી અહીં પ્રવચનો આપવા માટે આગ્રહ કર્યો. પૂ.શ્રીએ 'જોઈશું' એમ કહી વિદાય લીધી.

ત્યાંથી એક કલાકની મુસાફરી બાદ રાત્રે અગિયાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં.

★

વેદ ધર્મસભા દ્વારા આયોજિત આજના કાર્યક્રમની પ્રચાર-પત્રિકા આ રીતે પ્રગટ થયેલી હતી :

ૐ

The Officials and Members of the
VEDA DHARMA SABHA
Pietermartizburg
CORDIALLY INVITES
THE GENERAL PUBLIC TO CELEBRATE
SHIVARATREE
On Satuday, 12 February 1983 at 6 pm
At the VED MANDIR, Nohar Road, Nrothdale
GREAT SPEAKER FROM INDIA
MAHATMA YOGESHWAR
Topic : Significance of Shivaratree

**હરિઃ ૐ**

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

'વ્યક્તિ જ્યારે સ્વયં મટી જાય છે ત્યારે કોઈ અજ્ઞાત ઊર્જા, કોઈ પરમ શક્તિ એના દ્વારા કંઈક લખાવી જાય છે. બોલાવી જાય છે. અને તે અનુભવે છે કે 'God dictates.'



॥ સંતસેવા જેનાં શ્વાસ-પ્રાણ, એનાં જીવન-મૃત્યુ ધન્ય જાણ ॥

['અતિથિદેવો ભવ'ની ભાવના જેની રગરગમાં હોય એવા ભક્તને ત્યાં જ્યારે 'સ્વયં દેવ અતિથિરૂપે' પધારવાનો અનુગ્રહ કરે; ત્યારે એ મહામૂલા મહેમાનની આગતા-સ્વાગતામાં કોઈ યજમાન કેમ ઊણા ઊતરે ? ગૃહના આંગણામાંથી સીધા અંતરમાં પ્રતિષ્ઠિત એ ઈષ્ટ દેવ માટે તેમજ એ દેવના પ્રિય ભક્તો માટે એ શું ન કરે ? એક સંપૂર્ણ સમર્પિત સત્સંગી શ્રી જિતેન્દ્રભાઈ ગાંધીનું હૃદયંગમ, નર્યા આશીર્વાદમઢ્યું સુંદર શબ્દાંકન પરમ પૂજ્ય શ્રી 'મા'ની શ્રીકલમે !]

ગાંધી ઑઈલમીલ, સંતસેવાની પરબડીસમો એ પરિવાર. જેમાં એમણે આંખ ઉઘાડી. પિતાના પગલે ચાલી જીવનના ઘણા વરસો સંતસેવા શ્રેષ્ઠ રીતે કરી.

પૂ.શ્રી યોગેશ્વરજીના શ્રેષ્ઠ યજમાન બની એમને ફૂલની જેમ સાચવ્યા, સન્માન્યા તન/મન/ધનથી સંતની સેવા કરતાં કરતાં ઘસાઈને ઉજળા થઈ ગયા.

જીવન ધન્ય બન્યું સંતના સંસ્પર્શે. જીવન સફળ બન્યું સંતની સેવાથી. જીવન કૃતકૃત્ય બન્યું સત્સંગથી.

એ જીવનને સૌના પ્રણામ પ્રણામ પ્રણામ. ૧૯૮૦ માર્ચથી પૂ.શ્રી યોગેશ્વરજીએ ૫૫, અરુણોદયમાં શ્રીચરણો પધરાવ્યાં. ૧૯૮૪ સુધી સર્વશ્રેષ્ઠ સેવા થઈ. અને તે પછી ૧૯૮૮ સુધી એટલે કે બીજા ૧૪ વર્ષ આ 'મા'ને પણ શીતળ છાંયડી ધરી પોતાના શ્રેષ્ઠ સ્વજન ગણીને દિવસો, મહિનાઓ, વરસો સુધી સંભાળ્યાં. સત્સંગના કાર્યક્રમ, યાત્રાના કાર્યક્રમ જન્મદિન ને ગુરુપૂર્ણિમાના કાર્યક્રમ યોજ્યા. પૂ.શ્રીના પ્રવચનોનાં અનેક આયોજનો કર્યાં. ળ્ય

સૌને ૫૫, અરુણોદય પોતાનું ઘર લાગ્યું. ઠરવાનું ઠામ લાગ્યું. સંતની મીઠી પરબડી જેવું લાગ્યું.

જે જે આપને આંગણે આવ્યા તે તે ભોજનના થાળ પામ્યા. પ્રેમથી આવકારતાં તેમના તમે શ્રેષ્ઠ સ્વજન બની ગયા.

ભાગવતસપ્તાહ કે રામાયણપારાયણ કે સમા મહારાજના સત્સંગ સંકીર્તનના કાર્યક્રમો તમે યોજતા રહ્યા.

કેટકેટલાં સત્કર્મો તમારા હાથે થયા છે ! તે તે સત્કર્મો ઘરના સૌ સભ્યોના શ્રેષ્ઠ સહયોગથી થયા છે.

તમે સંતસેવા પાછળ કદી પૈસાની ગણતરી કરી નથી. માતાપિતાની સર્વશ્રેષ્ઠ સેવા કરી તમે કુંદનબેન સાથે સૌની હાશ લીધી છે.

પરિવાર માટેનો પ્રેમ પણ તમે ઉદાર બનીને ટકાવી રાખ્યો.

સૌને ચાહવાનું અને સૌનું સહવાનું જાણે આપનું જીવનવ્રત હતું.

હે શ્રેષ્ઠ યજમાન ! તમે તો વ્યક્તિ નહિ એક નાનકડી સંસ્થા જેવા હતા.

પૂ.શ્રીની અમૃતવાણી તમે જ ઝીલીને જનસમાજને ધરી છે.

'મા'ની માંદગી કે અકસ્માત કે યાત્રા કે કોઈપણ કાર્યક્રમમાં તમારી હાજરી તમારી સેવા, તમારો સહયોગ વંદન કરવા જેવો રહ્યો.

૧૯૮૪ પછી શ્રેષ્ઠ રાહબર બની સર્વપ્રકારે સૌની પડખે રહ્યા.

વિદેશમાં વસીને સર્વશ્રેષ્ઠ સુવિધા પામ્યા. દીકરીને સેવાનું સદ્‌ભાગ્ય ધરી એને છત્ર ધરતા. એની સાથે જ રહ્યા.

તમારાં વિવિધ સત્કર્મોને પ્રણામ, પ્રણામ, પ્રણામ.

સૌને અધ્યાત્મના આજીવન સભ્યો બનાવવાનું તમારું સોનેરી સપનું વડોદરા કેન્દ્ર માટે જ નહિ, ગુજરાતના સર્વ કેન્દ્રો માટે પ્રેરણાની પરબડી જેવું હતું.

તમારી સર્વ સાત્ત્વિક વિશેષતાઓને અમારા સૌના પ્રણામ, પ્રણામ, પ્રણામ.



સંતની સંગે, સંતની સેવાથી તમે તો જાણે અધ્યાત્મજગતમાં સૌના સન્માનને પાત્ર બન્યા.

૫૫, અરુણોદય જાણે સત્સંગનો કિલ્લો બની ગયું. તમારો નિઃસ્વાર્થ પ્રેમ, સેવાભાવ, શ્રદ્ધાને માણવા સામે ચાલીને પૂ.શ્રી જેવા પરમાત્માદર્શી સંત આંગણે ઊતર્યા.

આપ દેવોના દેવની સેવા કરીને જાણે દેવોની આશિષ પામ્યા.

તમે સંતસેવા માટે કદી આંખ ના મીંચી કે બહાનું બતાવીને છટક્યા નથી.

જાણે રાતદિવસ સંતસેવા માટે સજ્જ, તત્પર.

સૌ સ્વજન-ભક્તો, સાધકોના હૈયામાં તમારું આદરણીય નામ ને સ્થાન પ્રભુએ અમર કરી દીધું છે.

હે ભક્તશ્રેષ્ઠ યજમાન ! તમારી નવા જીવનની મંગલયાત્રા ઉપર અમારી પ્રાર્થનાનાં પુષ્પો પથરાજો.

તમને દેવોના દેવ આગળને આગળ દૈવી માર્ગે દોરતા રહે. આંગળી પકડી સંતના ધામમાં શાંતિ ધરતા રહો.

જે જે સંતોની સેવા કરી છે તેમના તેમના આશીર્વાદ વરસતા રહો.

તમારા જીવનની સર્વ સાત્ત્વિક વિશેષતા સૌના જીવનમાં ઊતરો. હે નવજીવનના યાત્રી ! તમારી યાત્રા મંગલમય હજો. શાંતિ ને સુખથી સજેલી હજો.

સૌના પ્રણામ સ્વીકારી હે દેવરૂપ બનેલા શ્રેષ્ઠ સ્વજન ! તમારું મન પ્રકાશિત હજો. શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

ૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ ઊઠી શમવે તે સંત, ન ઊઠે તે ભગવંત ॥

આપણી આજુબાજુના વાતાવરણનું-માનવસમાજનું નિરીક્ષણ કરતાં શું લાગે છે ? મોટા ભાગના માનવો પોતાના મનમાં પેદા થનારી રાગ ને દ્વેષની, કામક્રોધાદિ વિપરીત વૃત્તિઓના તરત જ ભોગ બની જાય છે. જે વૃત્તિ કે વિચાર અથવા ઊર્મિતરંગ ઊઠે છે તેની વાસ્તવિકતાને વિચાર્યા વિના, તેના સારાસારને સમજ્યા વિના કે સમજવાની પણ પરવા કર્યા વિના, એ શુભ છે કે અશુભ અને એનું પરિણામ પોતાના વ્યક્તિગત આત્મવિકાસને માટે તથા સમષ્ટિગત સુખાકારી, શાંતિ, સમુન્નતિ કે સમૃદ્ધિને માટે કેવું આવશે, કલ્યાણકારક કે અકલ્યાણકારક, એની વિશેષ અથવા અલ્પ મથામણમાં પડ્યા વિના એમના પ્રવાહમાં પ્રવાહિત બનવા અને અંતતોગત્વા પરવશ બનીને પૂર્ણપણે તણાવા માંડે છે. પાણીના પ્રચંડ પ્રવાહમાં જેમ નાનાં નાનાં લાકડાં, કાગળ કે કપડાં તણાય છે તેમ એમના મનમાં એક વિચાર, ભાવ, સંકલ્પ, ઊર્મિ, વિકાર ઊઠે છે કે તરત જ એનો આજ્ઞાંકિત સેવકની પેઠે અમલ કરી દે છે. કેટલીકવાર તો એમને ખબર પણ નથી પડતી કે વિચાર, ભાવ, સંકલ્પ, ઊર્મિતરંગ કે વિકાર ક્યારે ઊઠ્યો ને ક્યારે ક્રિયાન્વિત અથવા અમલી બન્યો. એમાંના કોઈ કોઈ વિરલ આત્માઓને ના કરવા જેવાં કર્મોને કરવા માટે પાછળથી દુઃખ, શોક, કે પશ્ચાત્તાપ પણ થાય છે. પોતાની ભૂલોનું પુનરાવર્તન ન કરવાનો તે સંકલ્પ પણ કરે છે. પરંતુ અધિકાંશ માનવો પોતાના મનોભાવો ને પોતાની મનોવૃત્તિના એવા દાસ હોય છે. મીઠાઈ ખાવાનો વિચાર આવ્યો ને મીઠાઈ ખાઈ લીધી. ચોરી કરવાનો



સંકલ્પ થયો ને એના શુભાશુભ પરિણામને વિચારવાની તસ્દી લીધા સિવાય ચોરી કરી લીધી. કામક્રોધની વૃત્તિઓ જાગી અને એમના શિકાર બની ગયા. લોભ ને મોહને, રાગ ને દ્વેષને સંતોષવા વિપળનાય વિલંબ વિના આકાશ-પાતાળને એક કરી નાખ્યાં. એ ભૂમિકાથી આગળ વધેલા કેટલાક ઉદાત્ત આત્માઓ વૃત્તિના સારાસારને, કામનાની શુભાશુભતાને, કલ્યાણકારકતાને અથવા અકલ્યાણકારકતાને સમજી શકતા હોય છે તે પણ આવશ્યક આત્મબળના અભાવને લીધે, પુરાણી આદત અથવા રસવૃત્તિને લીધે, સ્વભાવની કોઈક અસાધારણ ત્રુટિને લીધે, સંગદોષને લીધે અથવા એવા જ કોઈક બીજા મહત્ત્વના પ્રધાન ગૌણ કારણને લીધે, પોતાની જાતનો સંયમ સાધીને, અશુભને ત્યાગીને, શુભનું ગ્રહણ કરી શકતા નથી. કલ્યાણની કેડીને બૌદ્ધિક રીતે સુચારુરૂપે સમજવા છતાં પણ એ કેડીએ આગળ વધી શકતા નથી. અશુભને જાણવા છતાં પણ એનો અંત નથી આણી શકતા. અમંગલનો સદાને સારુ સંબંધવિચ્છેદ નથી કરી શકતા. દુર્વિચારો, દુર્ભાવો, દુર્વૃત્તિઓ, દુષ્કર્મોને દફનાવી નથી શકતા. એમના જીવનમાં વિપરીત, વિનાશક, વિચારો ને વૃત્તિઓ તથા વ્યવહારોનું તાંડવ ચાલ્યા જ કરે છે. એમનાં જીવન અથવા અંતઃકરણ આસુરી ભાવો તથા એમાંથી પાંગરતી તથા પુષ્ટિ પામીને પ્રાણવાન બનતી પ્રવૃત્તિઓનો અખાડો બની જાય છે. એ પોતાના મનની આસુરી વિચારણા, વૃત્તિ કે વાસનાને શમાવી નથી શકતા. એમના મનમાં વાસનાના સંસ્કારો સૂતેલા હોવાથી, પદાર્થો અથવા વાસનાપૂર્તિનાં સાધનોનો અભાવ હોય ત્યારે પણ એ માનસિક રીતે પણ વિચારો, ભાવો ને વિકારોને સેવ્યા કરે છે અને એમનો આસ્વાદ

માણે છે. બહારથી વિષયોને ને પદાર્થોને ત્યાગનારા માનવોમાં પણ એવી અવસ્થા અવલોકવા મળે છે.

બે સાધુપુરુષો સર્વસંગપરિત્યાગી વિવિક્તસેવી બનીને અલગ અલગ રીતે વનમાં વાસ કરતા. એમની તપશ્ચર્યા ચાલુ હતી. એમનાં આશ્રયસ્થાનની સમીપે જ સરિતા વહેતી. એ સરિતા તરફથી એકવાર અવાજ આવ્યો કે મને બચાવો, બચાવો. ભગવાન તથાગતના નામે બચાવો. એ અવાજને સાંભળીને એક સાધુ પોતાના સ્વાધ્યાયને છોડીને તરત જ ઊભો થયો, સરિતાની દિશામાં દોડી ગયો, ને શું થયું છે તે જોવા લાગ્યો. ત્યાંની પરિસ્થિતિ અતિશય કરુણ તથા હૃદયવિદારક હતી. એક નવયૌવના સ્ત્રી સરિતામાં સ્નાનાદિ કરવા આવેલી. તે સરિતામાં તણાઈ ગયેલી. એ ડૂબવાની તૈયારીમાં હતી. પેલા સેવાભાવી સહાનુભૂતિસભર સાધુપુરુષે સમયસૂચકતા વાપરીને સરિતામાં સત્વર ઝંપલાવ્યું ને પેલી સન્નારીને મૃત્યુના મુખમાંથી બચાવી લીધી. એ અચેત બનેલી સ્ત્રીને સરિતામાંથી બહાર કાઢી, પોતાના આશ્રમમાં લઈ જઈને એણે આવશ્યક ઉપચાર કરીને સુદીર્ઘ સમયના સેવાકાર્ય પછી સ્વસ્થ કરી. સ્ત્રીએ એનો આભાર માન્યો ને સંકોચ સાથે કૃતજ્ઞભાવે વિદાય લીધી.

બાજુમાં રહેતા બીજા સાધુને એ સાધુનો એ વ્યવહાર સારો ના લાગ્યો. એને થયું કે સાધુનું અધઃપતન થયું. એ લાગણીનું પ્રદર્શન પણ એણે અવારનવાર કરી બતાવ્યું. છતાં પણ પેલો સેવાભાવી સાધુપુરુષ શાંત જ રહ્યો.

એ વાતને થોડો વખત વીતી ગયો.

પેલા સેવાભાવી સાધુપુરુષને એ સ્થાન છોડીને બીજે સ્થળે જવાની ઈચ્છા થઈ.



એ નીકળતી વખતે બીજા સાધુપુરુષને મળવા આવ્યો તો તેણે તરત જ જણાવ્યું કે તારું તો અધઃપતન થયું છે. દિવસો પહેલાં તેં સરિતામાં કૂદકો મારીને પેલી સુંદર સ્ત્રીને કુટિરમાં આણેલી. એ સ્ત્રીનું તું ઊંચકીને લાવેલો. હું તારું મોઢું જોવા નથી માગતો.

પેલા સેવાભાવી સાધુપુરુષએ દલીલ ના કરી. એણે એટલું જ કહ્યું કે એ દુઃખી સ્ત્રીને એક સાધુપુરુષના ધર્મ પ્રમાણે સરિતામાંથી બહાર કાઢીને મેં તો એની સારવાર કરીને પછી મૂકી દીધેલી. એ વાતને વખતના વીતવાની સાથે હું ભૂલી પણ ગયેલો. પરંતુ આટલો બધો વખત વીતી ગયો છે તોપણ હજુ એ સ્ત્રી તારા મનમાં રમ્યા જ કરે છે. તું એને સરિતામાં પડીને રોજ ઊંચકે છે અને એનો ભાર વહે છે.

બીજો સાધુપુરુષ કાંઈ જ ના બોલ્યો. ના બોલી શક્યો.

★

સંતપુરુષોને માટે કહેવાય છે કે ઊઠી શમવે તે સંત.

સામાન્ય માનવો પોતાની વિષયપરવશતા કે નબળા મનોબળને લીધે મનમાં પેદા થનારી બૂરી વૃત્તિઓ, ઊર્મિઓ, કામનાઓ અને વાસનાઓના પ્રભાવમાં પડીને એમના પ્રવાહમાં તણાઈ જાય છે. એમનો સફળતાપૂર્વક પ્રતિકાર કરી શકતા નથી. પરંતુ સંતપુરુષોની વાત જુદી છે. એમના મનમાં કોઈકવાર કામ-ક્રોધ-લોભના, અહંતા-મમતા અથવા આસક્તિના ભાવો જાગે છે અથવા અમંગલ વિચારો, ભાવો કે કામનાઓ અથવા વાસનાઓ પેદા થાય છે તો એમની અસારતા, અનિત્યતા અને દુઃખમયતાને વિચારીને એમના પ્રતિકૂળ પ્રવાહમાં તણાવાને બદલે એ ચેતી જાય છે, સાવધ થાય

છે, અને વિકૃત વિચારો, ભાવો, વિકારો, કામનાઓ કે લાલસાઓને સદ્‌બુદ્ધિની સહાયથી શાંત કરી દે છે. મનમાં પેદા થનાર દુર્ભાવોને, વાસના કે વિકારોનાં વિષચક્રો કે તુમુલ તાંડવોને મન સુધી જ સીમિત રાખે છે. ઈન્દ્રિયોને તથા તનને એમની અસર નીચે નથી આવવા દેતા. એમની સંયમસાધના એવી અસાધારણ હોય છે કે એથી એ ગફલતમાં નથી પડતા અને વિષયાસક્ત થઈને પથભ્રાંત નથી બનતા.

એવી અવસ્થાવાળા પુરુષોને સંતકોટિના કહી શકાય. સંત શબ્દ કોઈ વર્ગવિશેષ કે જાતિવિશેષને માટે નથી વાપરવાનો. એને પંથ, મત કે સાંપ્રદાયિકતાનો પરિચાયક નથી ગણવાનો. સંત શબ્દ જીવનની સાત્ત્વિકતા, ઉદાત્તતા અથવા સાધનાત્મક વિકાસનો, અંતરંગ આત્મિક અવસ્થાનો સૂચક છે. એનો ઉપયોગ કે પ્રયોગ એ સંદર્ભમાં જ કરવાનો છે. એ સંદર્ભમાં જ આપણે એનો ઉપયોગ કરી રહ્યા છીએ. એ અવસ્થા પણ કાંઈ જેવી તેવી, સર્વસામાન્ય કે નાનીસૂની નથી. એવી અવસ્થાએ આરૂઢ થયેલા આત્માઓ પણ અત્યંત ઓછા, એકદમ વિરલ જોવા મળે છે. મીઠાઈ ખાવાની મરજી થઈ કે તરત જ એની અમંગલતાને, હાનિકારકતાને, અનાવશ્યકતાને વિચારીને એમાંથી મનને પાછું વાળી લીધું. કામ-ક્રોધ, લોભની વૃત્તિઓ મનમાં ઉદ્‌ભવી. પરંતુ તે પરોક્ષ રીતે કામ કરતી મટીને અપરોક્ષ રીતે ક્રિયાન્વિત બને તે પહેલાં જ તેને સદ્‌બુદ્ધિની મદદથી મનમાં જ શમાવી દીધી. શાંત કરી. અહંકાર, રાગ, દ્વેષ, અસૂયા, દેહવાસના, લોકવાસના, શાસ્ત્રોના વાદવિવાદની વાસના, સિદ્ધિઓની કામના પેદા થઈ ખરી. હજુ સુધી મન એટલું નિર્મળાવસ્થાએ પહોંચ્યું નથી કે તે પેદા જ ના થાય. પરંતુ



તે મનને ખળભળાવે, હચમચાવે, બેચેન બનાવે, અને પરિપૂર્ણપણે પ્રભાવિત કે પરવશ બનાવીને જીવનમાં પોતાનું વર્ચસ્વ જમાવે તે પહેલાં જ વિવેક વર્તી વૃત્તિનો, આત્મનિરીક્ષણનો, પ્રાર્થનાનો, ભૂતકાલીન અનુભૂતિનો, વ્રત તથા નિયમના પરિપાલનનો, આત્મિક અનુશાસનનો, મહાપુરુષના શુભાશીર્વાદનો, ગમે તેનો આધાર લઈને તેને તત્કાળ કે પછી એટલી બધી શક્તિ ના હોય તો શનૈઃ શનૈઃ ક્રમેક્રમે શાંત કરી દીધી. જેથી એણે વિનાશકતામાંથી મુક્તિ મેળવી. એવી શક્તિ, ભૂમિકા, અવસ્થા પણ ઓછી આશીર્વાદરૂપ નથી. એની અગત્ય પણ ઘણી મોટી છે.

માનવ ભૂલ કરે છે, દોષોનો શિકાર બને છે, પરંતુ ભૂલોને ઓળખીને, દોષોને દોષ તરીકે સમજીને, એમનો ભોગ ના બને અને એમનાથી ધીમેધીમે પણ દૂર રહે ને મુક્તિ મેળવી શકે તો એવી ભૂમિકા પણ આવકારદાયક અથવા અભિનંદનીય છે. એવું થઈ શકે તોપણ માનવ કેટલાંય કુકર્મો કે કિલ્બિષમાંથી છૂટી શકે. પોતાના મનનો, ભાવોનો, વિચારોનો, વિકારોનો શાસક થઈ શકે. બાદશાહ બની શકે. મનના વિચારો ને વિકારો મન સુધી સીમિત નથી રાખી શકાતા, એમને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે પણ તનમાં કે સ્થૂળ પાર્થિવ ભૂમિકા પર આવતા અથવા અનુવાદિત થતા અટકાવી શકાતા નથી એટલે જ કુકર્મો થતાં રહે છે. જે ઉત્તમ મનાય છે એ આચરાતું નથી. જેને અનુત્તમ, અશુભ, અધમ ગણવામાં આવે છે એનાથી સદાનો સુખદ સંબંધવિચ્છેદ નથી કરાતો.

આત્માના અંતરંગ અભ્યુત્થાનની એક અન્ય અવસ્થા વિશેષ પણ છે એ અવસ્થાને 'ના ઊઠે તે ભગવંત' એવા

નામનિર્દેશ સાથે ઓળખવામાં આવી છે. આરંભની અવસ્થાવાળા સાધકો પોતાના વિચારો, વિકારો, ઊર્મિઓ, વૃત્તિઓ અને પશુભાવનાના પ્રભાવમાં પડીને તેમના પ્રવાહમાં પરવશ બનીને વહેવા માંડે છે. એ અવસ્થાથી આગળ વધેલા સાધકો-સંત કોટિના સાધકો વિચારો, ભાવો, વિકારો પર કાબૂ કરી શકે છે. વિચારો કે વિકારોને વશ નથી થતા. એના કરતાં પણ આત્મિક અભ્યુત્થાનની આગળની અવસ્થાવિશેષ પર પહોંચેલા મહાપુરુષોની અંદર દુર્વિચારો, દુર્ભાવો, દુર્વાસનાઓ ઊઠતા જ નથી. એમનું મન બૂરાઈ, અશુભ અથવા અમંગલ તરફ જતું જ નથી. બૂરા વિચારો, ભાવો, સંસ્કારો, વિકારોને ઊઠ્યા પછી સદ્‌બુદ્ધિનો સમાશ્રય લઈને શાંત કરવામાં આવે એ એક વાત છે, અને એ મનમાં કોઈએ કારણે પેદા જ ના થાય એ બીજી વાત છે. એ અવસ્થામાં માનવનું સૂક્ષ્મ મન અથવા અંતસ્તલ પણ નિષ્પાપ, નિર્દોષ, નિર્મળ બની જાય છે. ગમે તેવા વિકૃત વાતાવરણમાં પણ એ સંપૂર્ણ સ્વસ્થ અને શાંત રહે છે. એની અંતરંગ શાંતિ, સ્વસ્થતા, સ્થિતપ્રજ્ઞતાનો ભંગ નથી થતો. એવા લોકોત્તર મહાપુરુષો બ્રહ્મ જેવા નિર્દોષ હોય છે. એવું શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે.

**નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ બ્રહ્મણિ તે સ્થિતા.**

એવા પવિત્રતા તથા પ્રભુમયતાની પરાકાષ્ઠાએ પહોંચેલા પુરુષવિશેષોને ભગવંતસ્વરૂપે ઓળખવામાં ને આદરપાત્ર માનવામાં કશી હરકત નથી.

જીવનવિકાસના એ ત્રિવિધ ક્રમમાંથી માનવે ક્રમશઃ આગળ વધવાનું છે. આગળ વધવાનો આરંભ જ્યાં છે, જે પણ અવસ્થામાં હોઈએ ત્યાંથી કરી દેવાની આવશ્યકતા છે.



જીવનનો પ્રત્યેક દિવસ, આપણે ફાળે આવેલી પ્રત્યેક પળ પરમ મૂલ્યવાન, પ્રાણવાન અને અનંત, અકલ્પનીય શક્યતાઓથી ભરેલી છે એનું સતત રીતે સ્મરણ કરીને એના સદુપયોગમાં લાગી જઈએ તો ધારેલા લક્ષ્યાંક પર પહોંચી જઈએ. ઉપનિષદે ઉત્સાહપ્રદાયક પ્રેરક વાણીમાં જણાવ્યું છે કે ચાલો, ચાલો, પ્રગતિના પાવન પથ પર પુરુષાર્થી થઈને ચાલો. જે ચાલે છે તે મધુ મેળવે છે. તેનું ભાગ્ય પણ ચાલે છે. આગળ વધે છે. પલટાય છે. અનુકૂળ અથવા આશીર્વાદરૂપ બને છે.

**ચરૈવેતિ ચરૈવેતિ.**
**ચરન્વૈ મધુ વંદતિ.**
**ચરાતિ ચરતો ભગઃ**

વિકારોથી વીંટળાયેલો, વાસનાઓથી ઘેરાયેલો, કામાસક્ત, મોહગ્રસ્ત માનવ કદીક એવી અસાધારણ અવસ્થા પર પહોંચી શકશે જ્યારે એને વિકારો થાય જ નહિ, વાસનાઓ સતાવે જ નહિ, કામાસક્તિ ઘેરે જ નહિ ! અવશ્ય પહોંચી શકશે. એનું જીવન જ આદર્શ માનવ બનીને પ્રભુસ્વરૂપ થવા, ભગવંત બનવા માટે છે. એને માટે કશું જ અશક્ય નથી. માત્ર એણે અનવરત પુરુષાર્થ કરવો જોઈએ. આજ સુધી અસંખ્ય આત્માઓએ સંશુદ્ધિના ને સંસિદ્ધિના એ સુમેરુ શિખરને સર કર્યું છે અને આજે કે ભવિષ્યમાં પણ સર કરી શકાશે. આવશ્યકતા છે કરણી કરવાની. કહેવામાં આવ્યું જ છે કે નર જો કરણી કરે તો નારાયણ થઈ શકે. 'નર કરણી કરે તો નર કા નારાયણ હોય.'

**—શ્રી યોગેશ્વરજી**

**(આત્માની અમૃતવાણી)**

# ।। કૃષ્ણ-સુદામા ।।

**પ્રશ્ન :** આ પંડિતજીએ કૃષ્ણ ને સુદામાની કથા કહી. તેમાં રસ આવ્યો. પણ તેનો સાર શો છે તે કહેવા કૃપા કરશો ?

**ઉત્તર :** પહેલાં ભક્તિની રીતે વિચારીએ. સુદામા વિશ્વાસપૂર્વક કૃષ્ણની પાસે જાય છે. એક રીતે કહો કે થોડા સમય પૂરતો તેને શરણે જાય છે. કૃષ્ણ ભગવાન તેનો પ્રેમથી સત્કાર કરે છે. સુદામાના તાંદુલ પણ પ્રભુ ખાય છે ને તેમાં અજબ સ્વાદ અનુભવે છે. એટલે પ્રેમની પ્રસાદી, ભલે તે શબરીના જેવી એઠાં બોરનીજ હોય, છતાં, પ્રભુને ખૂબ પ્રિય લાગે છે. સુદામા જ્યારે કૃષ્ણની વિદાય લે છે ત્યારે કૃષ્ણે તેને કાંઈ જ આપ્યું નથી એમ તેને લાગે છે, પણ પ્રભુનું વિશ્વાસપૂર્વક લીધેલું શરણ કદી મિથ્યા થતું નથી એ વાત સુદામાને ઘેર આવ્યા પછી સમજાય છે. પ્રેમભાવે ભગવાનનું શરણ લો. તમારી બધી જ ઇચ્છા-પછી તે ભલે ને લૌકિક સુખ કે સમૃદ્ધિ માટેની હોય કે પરમજ્ઞાન કે નિર્વાણ માટેની હોય, પ્રભુ પૂરી કરે જ છે એ અમુલખ ઉપદેશ સુદામાના ચરિત્રમાંથી આપણને મળે છે. માટે સાંસારિક દુઃખ ને દર્દથી હતાશ કે નિરાશ થવાને બદલે વિશ્વાસને જાગૃત રાખી હરેકે પ્રભુને યાદ કરવા જોઈએ, પ્રભુને શરણે જવું જોઈએ, ને પ્રભુને પ્રેમ કરવો જોઈએ. પ્રભુનો પ્રેમ કદાપિ નિષ્ફળ જતો નથી. તે આપણો તદ્દન નિકટનો સાથી, પ્રાણ, જે કૈં કહો તે છે. ને તેની ને આપણી સગાઈ આ જન્મપૂરતી જ નહિ પણ જન્મજન્માંતરની છે.

જ્ઞાનની રીતે આનો વિચાર કરવો હોય ને સાર લેવો હોય



તો પણ લઈ શકાય છે. સુદામાને કૃષ્ણ પહેલાં ઘનિષ્ઠ મિત્રો હતા. પાછળથી તે છૂટા પડ્યા. એક પૃથ્વીપતિ થઈને બેઠો ને બીજો દરિદ્ર ને દુઃખી થયો. આ વાત શું કહે છે, ખબર છે ? સુદામા ને કૃષ્ણ એ જીવાત્મા ને પરમાત્માનાં રૂપક સમજો તો સહેલાઈથી સમજી શકાશે. જીવાત્મા ને પરમાત્મા એક હતા. તેમની વચ્ચે મિત્રતા હતી, ત્યાંલગી અપાર આનંદ હતો. પણ જીવાત્મા પરમાત્માથી જુદો પડ્યો ત્યારથી જ દુઃખ શરૂ થયું. જીવાત્મારૂપી સુદામા સંસારમાં પડ્યો. સ્ત્રીપુત્રોની મમતામાં પડ્યો, ને તેના પરિણામે દીન, હીન, દરિદ્ર ને બેહાલ બની ગયો પોતાની સ્ત્રીરૂપી ગુરુનો તેને ઉપદેશ મળ્યો ત્યારે તે સમજ્યો કે કૃષ્ણ જેવો મિત્ર છે તો તેની પાસે શા માટે ના જવું. તેને પોતાના સ્વરૂપનું-પરમાત્માનું મિલન કરવાની ઇચ્છા થઈ. જ્યારે તે પરમાત્મારૂપી કૃષ્ણની પાસે ગયો ને તેની લીલા જોઈ, તેમજ તેનો મહિમા જાણ્યો. ત્યારે તેનું બધું જ દુઃખ દૂર થઈ ગયું. દારિદ્રય મટી ગયું, ને પરમાત્મા ને તેની વચ્ચેનું ભેદરૂપી અંતર ટળી ગયું એટલે તે પણ પરમાત્માની પેઠે જ ઐશ્વર્યવાન ને સુખી થઈ ગયો.

આ જ વાતને ઉપનિષદ પોતાની અનોખી શૈલીમાં કહી બતાવે છે.

**“દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાન વૃક્ષં પરિષસ્વજાતે, ।**
**તયોરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્તિ અનશ્નન્યોઽભિચાકશીતિ ॥**
**સમાને વૃક્ષે પુરુષો નિમગ્નોઽનીશયા શોચતિ મુહ્યમાનઃ ।**
**જુષ્ટં યદા પશ્યત્યન્યમીશં અસ્ય મહિમાનમિતિ વીતશોક ॥”**

"એક વૃક્ષ પર બે પક્ષી વાત કરે છે. તેમાનું એક ફૂલનો ભોગ કરે છે. એટલે તેના સારાનરસા સ્વાદથી તેને સુખદુઃખ થાય છે. જ્યારે તે બીજા પક્ષીને જુએ છે ત્યારે તેને તેના નિર્મળ નિર્વિકાર સ્વરૂપનું જ્ઞાન થાય છે, ને તે પણ નિર્મળ ને નિર્વિકાર બની દુઃખ ને શોકથી પર થાય છે."

આ બે નાના મંત્રોમાં બહુ રહસ્ય ભરેલું છે. સુદામાને કૃષ્ણ બેય આ શરીરરૂપી વૃક્ષમાં બેઠેલા જીવાત્મા ને પરમાત્મા છે. જીવાત્મા પરમાત્માથી દૂર છે, માટે તે દુઃખી છે. પણ જ્યારે તે પરમાત્માનું શરણ લે છે, ને પરમાત્માના મહિમાને સમજે છે, ત્યારે તેનું બધું જ દુઃખ દૂર થઈ જાય છે. આ વાત કહી જાય છે કે બધા જ દુઃખોનું મૂળ કારણ સ્વરૂપના જ્ઞાનનો અભાવ છે ને સ્વરૂપના જ્ઞાનની જાગૃતિ થતાં, તેમાં પ્રતિષ્ઠા થતાં, માનવનાં બધાં જ નાનામોટાં દુઃખ ટળી જાય છે, ને તેને પરમસુખ તેમજ શાંતિની પ્રાપ્તિ થાય છે. દુઃખ તેમજ શોકને દૂર કરવા સંસારની મમતા ને આસક્તિનાં બંધનો જ્ઞાનવિચાર દ્વારા કાપી નાખી પરમાત્માના મિલનનો પરમ આનંદ પ્રાપ્ત કરવાની જરૂર છે.

**–શ્રી યોગેશ્વરજી**

**(ધર્મનો મર્મ)**

'હે મિત્ર, તું જીવતાંજીવંત એની(પરમાત્માની) આકાંક્ષા કર. આ જીવનમાં જ એને જાણી લે. શ્વાસ છે ત્યાં સુધીમાં એને સમજી લે. કેમકે, જીવનમાં જ મુક્તિનું રહસ્ય રહેલું છે.'

**–કબીર**



# ।। અ-મૃત જ્યોતનું અજવાળું ।।

આધ્યાત્મિકતા એ જીવન-પ્રયોગ માગે છે. જેમ લૅબોરેટરીમાં પ્રયોગ થતા હોય, તેમ માનવીના આત્માની લૅબોરેટરીમાં પ્રયોગ થાય છે. આવા પ્રયોગ માટે શ્રી યોગેશ્વરજીએ પ્રારંભે ઉત્તમ આદર્શ ચરિત્રોનું વાંચન કર્યું હતું. ગીતાને હૃદયસ્થ રાખીને સંતોના ચરિત્રના વાંચનથી સારાં કર્મો અને સારા વાંચનથી જીવનને ઉન્નત બનાવવાનો પ્રારંભે પ્રયોગ કર્યો.

સામાન્ય રીતે સ્વરૂપ-ચિંતન કરતા સાધકને માટે નિદ્રાવસ્થા એ અવગણનાપાત્ર કે નકામી નથી. પોતાની એ અવસ્થામાંથી પણ એ 'બોધ' પામી શકે છે. એ વિચારે છે કે નિદ્રા સમયે મારી કેવી સુંદર અવસ્થા હતી ! સુખનો ઉછાળ કે દુઃખનો આઘાત નહોતો ! રાગની તીવ્રતા કે દ્વેષના ડંખ નહોતા ! કેવી પરમ સુંદર શાંત અવસ્થા !

આ રીતે વ્યક્તિ જાગે ત્યારે નિદ્રાને ધિક્કારવાને બદલે કે એ અવસ્થાને તિરસ્કારવાને બદલે એમાંથી એણે એક ભાવસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ. એણે વિચારવું જોઈએ કે નિદ્રા સમયની એ મનોસ્થિતિનું જાગૃતિના સમયમાં રૂપાંતર થાય, તો કેટલું સારું ! ચિત્તની આવી પરમ શાંત અવસ્થા દિવસભર જળવાઈ રહે, તો કેટલું ઉત્તમ !

નિદ્રાનો તિરસ્કાર એ માટે નહિ કે નિદ્રા એના જીવનમાં શાંતિ અને ઉત્સાહ પ્રેરવા માટે આવશ્યક છે. જો ઉજાગરો થયો હોય તો વ્યક્તિ નિર્બળતાનો અનુભવ કરે છે. પૂરી ઊંઘ ન આવતાં એ સવારે ઊઠે, ત્યારે એ થાકેલો કે નિરુત્સાહી લાગે છે.

બેચેનીભરી રાત્રી એની દિનચર્યામાં એ બેચેનીનો ઉમેરો કરે છે.

હવે સાધક એક ડગલું આગળ ચાલશે. નિદ્રા પાસેથી જે પ્રાપ્ત થયું છે, એ રીતે જાગૃત અવસ્થામાં પણ વર્તન કરીશ એવો ભાવ એણે અનુભવવો. એ વિચારશે કે પલંગમાંથી ઊભો થયો, ત્યારે પહેલાં સહેજ આંખો ખોલી અને તરત જ મન ઊછળી આવ્યું. આ મન જાગૃત થતાં જ એણે ઈન્દ્રિયો અને શરીરને જાગૃત કર્યું અને એના આદેશ પ્રમાણે શરીર પલાંઠી મારીને પલંગ પર બેસી ગયું. હવે વિચાર કરો કે નિદ્રાવસ્થાની શાંત અવસ્થા ચાલી ગઈ છે, હવે હું જાગૃત અવસ્થામાં નિદ્રાવસ્થામાંથી બોધ લઈશ. ગાઢ નિદ્રામાં હતો, ત્યારે વિષયોના કોઈ આટાપાટા ચાલતા નહોતા. ઈન્દ્રિયોના તોફાની ઘોડા ક્યાંય દેખાતા નહોતા, તો હવે મારા દૈનિક જીવનમાં એનું રૂપાંતર કરીશ.

પેલા જાગૃત મનને હું આજ્ઞા આપીશ કે હું તારો માલિક છું અને તું મારો સેવક છે. મારી પહેલી આજ્ઞા એ છે કે નિદ્રાવસ્થામાં તું જેવું શાંત અને સમતાયુક્ત હતું, તેવું હે મન, તું શાંત અને સમતાભર્યું રહે. જેમ ઈન્દ્રિયોને નાથી હતી, તે રીતે હવે તારે ઈન્દ્રિયોને વશમાં રાખીને કામ કરવાનું. જેમ નિદ્રાધીન મનમાં કષાયના પ્રસંગો જાગતા નહોતા, એ જ રીતે તારે દિવસે કષાયના પ્રસંગો જાગે નહિ તેની સાવધાની રાખવાની અને જાગે તો એને અંકુશિત કરવાના છે. તારા મનમાં કેવી શાંતિ હતી નિદ્રા સમયે, બસ, તેવી જ શાંતિ તારે હવે રાખવાની છે.

આ રીતે સાધક પ્રાતઃકાળે ઊઠતાંની સાથે જ આત્મ-સન્મુખ બનીને સંવાદ કરશે. આ સંવાદ કોઈ બીજી વ્યક્તિ સાથે નથી,



પણ એનો એના મનની સાથે સંવાદ છે. આ સંવાદમાંથી આગળ વધીને એ વિચારશે કે મારે મનને સાધવું છે. પોતાના મન સાથે એ પ્રેમથી વાત કરશે. મનનું દમન કરવાની કે પછી મનને કચડી નાખવાની કોઈ કોશિશ નહિ કરે, કારણ કે આવી કોશિશ તો સાધકને માટે અવરોધરૂપ બને છે, પરંતુ એ પોતાના મનથી મન વિશે વાત કરશે અને પછી એ મનથી પોતાના જ મનને માર્ગદર્શન આપશે.

આ એક વિરલ આંતરપ્રક્રિયા છે. જેમાં વ્યક્તિ પોતે સ્વપુરુષાર્થથી સ્વ-મન સાથે મૈત્રી સાધે છે. આનું કારણ એ કે મન એ જ સાધકને બહારના જગતમાં રાખી શકે અને એ જ મન સાધકને ભીતરના જગતમાં ડુબાડી શકે છે. આ રીતે પ્રાતઃકાળે ઊઠેલો સાધક પોતાના મનનું 'સંશોધન' કરશે અને એ મનને કહેશે કે જેમ તું મારી નિદ્રાવસ્થા સમયે શાંતિથી ભરેલું હતું, વિકારોથી નિવૃત્ત હતું, કષાયનો કશો કકળાટ સંભળાતો નહોતો, વિષયવાસનાનો કોઈ પ્રસંગ આવતો નહોતો. બસ, એ જ રીતે હવે જાગૃત એવા મારા જીવનમાં તું રહે. એ પછી મનને કેળવીને વ્યક્તિ વિશેષ વિચાર કરશે. એ પોતાના શરીર પર નજર કરશે અને ચિંતન કરશે કે નિદ્રા સમયે શરીર જેમ શાંત હતું, એમ એને શાંત રાખીને મારે એની ભીતરમાં ડોકિયું કરવું છે. આ જગતમાં શ્રી અરવિંદ, શ્રી આનંદમયી માતા કે પૂ.શ્રી મોટા જેવાઓએ આ કામ કેવી સરસ રીતે કર્યું, મારે આવું કરવું છે એટલે કે શરીરને પાર જવું છે અને પાર જઈને આત્માને ઓળખવો છે.

'ઋગ્વેદ'ના ઋષિએ કહ્યું છે તેમ, 'આ શરીરમાં રહેલી અમૃતજ્યોતિ કે મારો આત્મા, જે મૃત શરીરમાં વસેલી અ-મૃત

બાબત છે, તેની ઉપાસના કરવી છે. વ્યક્તિ ધીરે ધીરે શરીર પરથી પોતાના ભીતર તરફ જતી રહેશે અને ત્યારબાદ વિચારશે કે આ સુખ અને દુ:ખ, ઇચ્છા અને અપેક્ષા, એ બધાં તો શરીરની આસપાસ વીંટળાયેલા છે. મોંઘી મોટર કે કિંમતી ફ્લેટ મળતાં શરીર અને મન આનંદિત થાય છે, જ્યારે આત્માને માટે એ મોંઘી કાર કે કીંમતી ફ્લૅટનો કોઈ અર્થ નથી. આમાંથી ધીરે ધીરે ભેદ-જ્ઞાન પ્રગટ થશે. દેહ અને આત્માનો સ્પષ્ટ ભેદ દેખાશે અને એ ભેદ પ્રગટતાં કોઈ જુદો જ વિચાર જાગશે.'

દેહના સંબંધોથી એ પત્ની કે પુત્ર જોડાયેલાં રહેશે, પરંતુ આત્માથી ભિન્ન રહેશે. બહારનાં સુખોથી પ્રારંભમાં શરીર પ્રસન્ન થશે, પણ આત્માને એનો કોઈ સ્પર્શ નહિ થાય. આ રીતે સાધકે પલંગમાંથી ઊઠ્યા બાદ આવો પ્રયોગ કરવો અને પોતાની જાત સાથે, પોતાના મન સાથે વાર્તાલાપ કરીને શરીર અને આત્માનો ભેદ જાણવો જોઈએ. અને પછી જુઓ તમને કેવો આનંદ આવે છે !

આનંદ એ આવશે કે તમારું જોડાણ ધીરે ધીરે મન, ઈન્દ્રિય અને દેહ પરથી આત્મા સાથે થશે. બહારની આખી દુનિયા સ્ટેજ પર ચાલતા નાટક જેવી લાગશે. પહેલાં બહારની સુખદ ઘટનાઓથી આનંદિત થતા હતા અને દુ:ખદ ઘટનાઓથી વ્યથિત થતા હતા. હવે તમે એને પાર જઈને કોઈ ફિલ્મના રૂપેરી પડદે બનતી ઘટના તરીકે એને જોતા થઈ જશો અને પછી તમારું સદંતર ભાવપરિવર્તન સધાશે.

ધીરે ધીરે એવું પણ બનશે કે બહારનાં દશ્યો જ નહિ, પણ



તમારાં બહારનાં કાર્યોમાં પણ તમે જુદો ભાવ અનુભવશો. તમે કોઈ કામ કરો છો, પણ એ કામ કરવાની સાથોસાથ તમે એ કામ કરનારને જોતા હશો. હવે, કર્તાભાવને બદલે આત્મા દ્રષ્ટાભાવથી કામ કરશે અને પછી વહેલી સવારે પથારીમાંથી ઊઠ્યા બાદ તમે વિચારશો કે શરીર, મન, ઈન્દ્રિય અને પ્રાણનો બનેલો 'હું' મારું નિત્યકર્મ શરૂ કરું છું અને મારો આ આત્મા મારી એ ક્રિયાને જોઈ રહ્યો છે.

સાધકે વહેલી સવારે વિચાર કરવો જોઈએ. પલંગ પર બેસીને પ્રભુસ્મરણ કરવું જોઈએ અને મનને કહેવું જોઈએ કે મન મહત્ત્વનું નથી, વિચાર મહત્ત્વનો નથી, વ્યક્તિ મહત્ત્વની નથી કે સિદ્ધિ મહત્ત્વની નથી. આત્મા મહત્ત્વનો છે. આ જગતમાં જ્યાં જ્યાં નજર કરીએ, ત્યાં ત્યાં સર્વત્ર એની જ એંધાણી મળે છે.

સાધક પોતાની જાતને કહે છે કે મન, ઈન્દ્રિયનાં સઘળાં તોફાન છોડીને પરમ ભાવમાં લીન થઈ જા. એક વાર આત્મ-સન્મુખતાનો પ્રયોગ થયો એટલે પછી જુઓ, કેવું પરિવર્તન આવે છે. અરે, તમે તમારાં જે પ્રાત:કર્મ કરતા હશો, તેમાં પણ એક પ્રકારની જાગૃતિ અને સૂક્ષ્મ બુદ્ધિ જોવા મળશે. તમારાં પ્રત્યેક વાણી અને વર્તનમાં અને એથીયે વિશેષ કોઈ પણ ઘટના અંગેના પ્રતિભાવમાં સામૂહિક ક્રાંતિ થઈ જશે. સાધકને માટે એક બીજી વાત પણ જરૂરી છે કે આવાં પ્રાત:કર્મ કરતી વખતે વચ્ચે વચ્ચે એક-બે મિનિટનો વિરામ રાખવો જોઈએ અને આ વિરામ વખતે આત્માનો દોર ફરી સાધી લેવો જોઈએ. આત્મનુસંધાન કરવું જોઈએ. સ્વામી રામતીર્થ કે સ્વામી

રામકૃષ્ણ પરમહંસના જીવનમાં અદ્‌ભુત આત્માનુસંધાન જોવા મળે છે.

એક જ ઉદાહરણ લઈએ કે તમે હવે વિચારશો કે 'હું' બ્રશ કરતો નથી કે 'હું' નાસ્તો કરતો નથી, કિંતુ બ્રશ કરનારને કે નાસ્તો કરનારનો 'હું' તો માત્ર શાંત સાક્ષી છું. આવી રીતે વારંવાર વિચારવું કે મારો દેહ સ્નાન કરે છે અને હું મારી સ્નાનવિધિ જોઈ રહ્યો છું. ભોજન ગ્રહણ કરતી વખતે તમે વિવેકપૂર્વક ભોજન ગ્રહણ કરીને ભોજન કરતાં કરતાં આત્મચિંતન કરશો અને એ રીતે દરેક કામ પૂરી નિષ્ઠાથી કરશો, પૂરી મહેનતથી કરશો પણ સાથે તમે એ કામ કરતા નથી, પરંતુ એ કામના દ્રષ્ટા છો એમ માનશો.

આ રીતે વ્યક્તિ એકનિષ્ઠાથી કામ કરશે અને સાથોસાથ એ પોતાના કામનું આગવું મૂલ્યાંકન પણ કરી શકશે. વળી આમ કરવાથી કાર્ય કરવાની એની એકાગ્રતા વધુ જાગશે. અને આપણે જાણીએ છીએ કે આવું એકનિષ્ઠાથી કરેલું કામ એ એક પ્રકારનો યોગ જ છે. વળી આ રીતે કાર્ય કરવાથી ચિત્તમાં બીજા કોઈ વિચારો ધસી આવતા નથી, બલ્કે પૂર્ણ એકાગ્રતાથી કામ કરી શકો છો અને એનું પરિણામ એ આવે છે કે કામ અત્યંત ચીવટપૂર્વક અને વ્યવસ્થિત રીતે થાય છે અને તમારા એ કામને તમે 'જોતા' રહો છો !

**–પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

'Life is the sort of guest
you don't meet twice.'



# ॥ માનવજીવનનું વિહંગાવલોકન ॥

સાતમા શ્લોકમાં આચાર્ય શ્રીશંકરાચાર્ય સામાન્ય માનવજીવનનું સત્ય સુપેરે રજૂ કરે છે.

**बालस्तावत्क्रीडासक्तः तरुणस्तावत्तरुणीसक्तः ॥**
**वृद्धस्तावच्चिन्तासक्तः परमे ब्रह्मणि कोऽपि न सक्तः ॥ ७ ॥**

**बालः**-બાળક, **तावत**-ત્યાં સુધી, **क्रीडा-आसक्तः**-રમતમાં આસક્ત, **तरुणः**-યુવાન, **तावत**-ત્યાં સુધી, **तरुणीसक्तः**-યુવતીમાં આસક્તા, **वृद्ध**-વૃદ્ધ, ઘરડો, **तावत्**-ત્યારે, **चिन्ता-आसक्तः**-ચિંતામાં મગ્ન, **परमे**-પરમ, **ब्रह्मणि**-બ્રહ્મમાં, **कः अपि**-કોઈપણ, **न सक्तः**-આસક્ત નથી. (મનુષ્ય) બાળક હોય ત્યાં સુધી રમત (ક્રીડા)માં આસક્ત રહે છે, યુવાન હોય ત્યારે યુવતીમાં આસક્ત હોય છે. વૃદ્ધ થાય ત્યારે ચિંતામગ્ન રહે છે. (પરંતુ) પરબ્રહ્મમાં કોઈપણ આસક્ત થતું નથી. (૭)

અન્ય હસ્તપ્રતોમાં આ શ્લોકનો આવો પાઠ પણ પ્રાપ્ત થાય છે :

**बालस्तावत् क्रीडासक्तः तरुणस्तावत् तरुणीरक्तः ।**
**वृद्धस्तावच्चिन्तामग्नः परे ब्रह्मणि कोऽपि न लग्नः ॥**

જોઈ શકાશે કે અહીં પ્રત્યેક પંક્તિને અંતે **सक्तः** ના બદલે **'रक्तः'**, **'मग्नः'** અને **'लग्नः'** એવાં ક્રિયાપદો પ્રયોજાયાં છે. તેને લીધે પુનરાવર્તનથી બચી શકાયું છે, વિશેષ કાવ્યાત્મકતા લાવી શકાઈ છે, પણ અર્થ કે ભાવની દૃષ્ટિએ ખાસ ફેર પડતો નથી. મૌખિક પરંપરામાં આવા શાબ્દિક ફેરફારોને અવકાશ રહેતો હોય છે.

આચાર્ય આ શ્લોકમાં માનવજીવનનો સામાન્ય ખ્યાલ આપે

છે; વિહંગાવલોકન કરે છે. પૃથ્વી પર હજારો વર્ષોથી માનવજીવન અસ્તિત્વમાં આવ્યું છે. અત્યારે દુનિયામાં લગભગ બસો દેશો છે અને ૨૦૧૭ની ગણતરી પ્રમાણે વિશ્વની વસ્તી ૭૫૩ કરોડ કરતાં વધુ છે. પ્રતિદિન વિશ્વમાં સેંકડો મનુષ્યો જન્મે છે અને મરે છે. જે મનુષ્યો વૃદ્ધાવસ્થા સુધી જીવે છે તેમના જીવનની મુખ્ય પ્રવૃત્તિ શું હોય છે એની વાત કરતાં આચાર્યે સેંકડો વર્ષ પહેલાં કહેલું કે મનુષ્યનું બાળપણ રમતગમત, ક્રીડામાં પસાર થાય છે, તેની યુવાની વિરુદ્ધ જાતિની વ્યક્તિ પ્રતિ આકર્ષણમાં વ્યતીત થાય છે. યુવાન છોકરો છોકરીની પાછળ ઘેલો થાય છે અને યુવતીઓ યુવાનો પાછળ પાગલ થાય છે. યુગોથી આ સિલસિલો ચાલ્યા કરે છે. યુવક-યુવતીઓ એકબીજા પ્રત્યે આકર્ષાઈને લગ્ન કરે છે, બાળકો પેદા કરે છે અને પછી પ્રૌઢ-વૃદ્ધ થઈ તેમની ચિંતા કરે છે.

માનવજીવનનું આ વાસ્તવિક ચિત્ર છે. જીવન ટૂંકું છે. યાત્રા લાંબી છે. સંસારમાં સઘળી ચીજો જ્યાંથી ઉત્પન્ન થાય છે ત્યાં જ પુનઃ પહોંચી વિરામ પામે છે. માટીમાંથી ઉત્પન્ન થયેલો ઘડો તેની જીવનયાત્રા પૂરી કરી પુનઃ માટીમાં મળી જાય છે. સાગરમાંથી સૂર્યપ્રકાશથી વરાળ-વાદળ બની દીર્ઘ યાત્રા કરી પહાડોમાં પહોંચેલું પાણી વરસાદરૂપે વરસી નદીરૂપે વહેતું વહેતું પુનઃ સાગરમાં મળી જાય છે. સજીવ પ્રાણીસૃષ્ટિની વાત કરીએ તો નિર્ગુણ નિરાકાર બ્રહ્મ સગુણ સાકાર ઈશ્વર બની, જીવ બની વિવિધરૂપે ભાસે છે. મનુષ્ય પણ છે તો બ્રહ્મ જ પણ પોતાને અલ્પ, સીમિત, દુઃખી માની તેમાંથી મુક્ત થવા વિધવિધ ઉધામા કરે છે. કઠોપનિષદમાં કહ્યું છે તેમ માણસની ઈન્દ્રિયો બહિર્મુખ બની છે તેથી તે બહાર જ સુખની શોધ કરે છે. સુખ સંસારમાં બાહ્ય વિષયમાં છે એમ માની મનુષ્ય બાળપણ રમકડાં ભમરડા,



પતંગ, સાયકલ વગેરેમાં વીતાવે છે. યુવાનીમાં વિજાતીય વ્યક્તિમાં, વિષયવાસનામાં, સુંવાળા સહચારમાં સુખ શોધે છે અને પોતાનો આગવો સંસાર ઊભો કરી એની આંટીઘૂંટીમાં, ભુલભુલામણીમાં એવો અટવાઈ જાય છે કે એમાંથી નીકળવાનો માર્ગ શોધતાં શોધતાં મૃત્યુ સમીપ પહોંચી જાય છે પણ ભ્રમની માયાજાળમાંથી બહાર નીકળી શકતો નથી.

મનુષ્યમાત્રના જીવનમાં આચાર્યે દર્શાવ્યું છે તેમ બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા આવે છે. સામાન્ય મનુષ્ય આ અવસ્થાઓમાં શું કરે છે એ આપણે અવલોક્યું. શાણા, સમજુ માણસે આ અવસ્થાઓમાં શું કરવું ઘટે એનો સંકેત સુભાષિતકાર આવી રીતે કરે છે :

**प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।**
**तृतीये नार्जितं पुण्यं चतुर्थे किं करिष्यति ॥**

અર્થાત્ જે મનુષ્ય પ્રથમ (બાલ્ય) અવસ્થામાં વિદ્યા ન મેળવે, દ્વિતીય (યુવા) અવસ્થામાં ધન પ્રાપ્ત ન કરે, તૃતીય (પ્રૌઢ) અવસ્થામાં પુણ્ય ન પ્રાપ્ત કરે તે તેના જીવનની ચોથી (વૃદ્ધ) અવસ્થામાં શું કરી શકવાનો છે ?

મનુષ્ય પોતાના જીવનકાળ દરમિયાન કંઈક ને કંઈક પ્રાપ્ત કરવાના પ્રયાસ કરે છે. આમ તો માણસ માત્ર સુખ ઈચ્છે છે; અક્ષય, અપાર, અનંત સુખ ઝંખે છે; અમૃતત્વ વાંછે છે. ગાન્ધર્વ ઉપનિષદ્ (૪.૧૧)માં કહ્યું છે કે **'यज्ज्ञात्वा अमृतमश्नुते'** અર્થાત્ પરબ્રહ્મને જાણીને મનુષ્ય અમૃતત્વ પ્રાપ્ત કરી શકે છે. વાસ્તવમાં અમૃતત્વ, અમરતા, નિત્ય નિરતિશય સુખ પ્રાપ્ત પણ કરવાનું નથી. એ તો આત્માનું સ્વરૂપ છે, તેને તો માત્ર જાણવાનું જ છે. એ તો 'પ્રાપ્તસ્ય પ્રાપ્તિ' જેવું છે. છોકરાઓ જેને ખોવાઈ ગયેલો માને છે તે દસમા છોકરાને

શોધવા શું કરવાનું છે ? માત્ર પોતે જ દસમો છોકરો છે એ જાણવાનું છે. એ જાણ્યા પછી તેનું બધું દુ:ખ, તેની ચિંતા, ઝુરાપો સઘળું શાંત થઈ જશે. પરંતુ એ જાણવા માટે તેણે અંતર્મુખ બની શાંત ચિત્તે સ્થસ્થતાપૂર્વક વિચાર કરવો પડે. એ અંતર્મુખતા, સ્વસ્થતા સંપ્રાપ્ત કરવા માટે તેણે ગોવિન્દને ભજવા પડે, કર્મયોગ કરી પુણ્ય અર્જિત કરવું પડે, પછી જ્ઞાન મેળવવું પડે. જ્ઞાન પ્રાપ્ત થતાં જ તેની શોધ સમાપ્ત થઈ જાય, રઝળપાટ પૂરો થઈ જાય.

પોતાને રાધેય માની પારાવાર દુ:ખી થયેલા કર્ણને ભગવાન કૃષ્ણે અને પછી સ્વયં કુંતીમાતાએ જ્યારે કહ્યું કે તે રાધેય નથી, કૌંતેય છે, જ્યેષ્ઠ પાંડવ છે, ત્યારે તેને શું કરવાનું રહ્યું ? પોતે જીવનભર જે અર્જુનને પોતાનો પ્રતિસ્પર્ધી, વિરોધી, શત્રુ માનતો હતો તે તો પોતાનો જ અનુજ છે એ જાણ્યા પછી તેની સામે લડવાનું તેનું ઝનૂન ક્યાંથી ટકી શકે ? પરંતુ દુર્યોધન, શકુનિ વગેરેના સંગમાં જીવનભર જે પાપ કર્યાં હતાં તે તેનું ફળ આપ્યા વિના થોડાં રહેવાનાં ? આપણે સમજીએ છીએ એટલું જીવન સીધું, સરળ નથી, સંકુલ, જટિલ પણ છે.

માનવજીવન જટિલ, સંકુલ છે અને સંસારમાં માયાનું આધિપત્ય છે. માયાના મોહપાશમાં સપડાયેલા મનુષ્ય માટે માયામાંથી મુક્ત થઈ માયાધીશનું શરણ સ્વીકાર્યા સિવાય, એની આરાધના કર્યા સિવાય બીજો માર્ગ નથી. કિરતારને આજે ભજશું, કાલે ભજશું એમ કરતાં કરતાં જો જમનું તેડું આવી ગયું તો પસ્તાવા વિના કશું મળતું નથી. ભર્તૃહરિએ 'વૈરાગ્યશતક'માં સાચું જ કહ્યું છે :

**आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं**
**व्यपारैर्बहुकार्यमारगुरुति कालो न विज्ञायते ।**



**दृष्ट्वा जन्मजराविपत्ति मरणं त्रासस्य नोपत्यद्यते**
**पीत्वा मोहमयी प्रमादमदिरामुन्मतमूतं जगत् ॥**

સૂર્યના ઉદય-અસ્ત સાથે દિવસો પછી દિવસો પસાર થઈ જાય છે અને જીવન પ્રતિદિન ક્ષીણ થતું જાય છે. જીવનના કાર્યકલાપ, વ્યાપારમાં અટવાયેલા માણસને સમય સરી રહ્યો છે એનું ભાન જ થતું નથી. રોજબરોજ દૃષ્ટિગોચર થતાં જન્મ, વૃદ્ધાવસ્થા, વ્યાધિ વગેરે વિપત્તિ અને મરણનો ત્રાસ પણ મનુષ્યને જગાડવા સમર્થ થતો નથી. મોહમયી પ્રમાદ (આળસ)રૂપી મદિરા (દારૂ) પી જગત ઉન્મત્ત થાય છે.

ભર્તૃહરિએ ઉપર્યુક્ત શ્લોકમાં જે ચિત્રણ કર્યું છે એને વિગતે સમજાવવા, સ્પષ્ટ કરવા જ જાણે કે શંકરાચાર્યે **शिवापराधक्षमापनस्तोत्रम्** સર્જ્યું છે. આ ૧૪ શ્લોકમાં સ્તોત્રમાં આચાર્ય વિગતે મનુષ્યના પ્રમાદને સ્પષ્ટ કરે છે, અને મહાદેવ શંભુ પાસે પોતાના અપરાધની ક્ષમા પણ પ્રાર્થે છે. અનાદિકાળથી શિવથી વિખૂટો પડેલો જીવ પોતાનાં કર્મોનાં ફળરૂપે જન્મજન્માંતરની ઘટમાળમાં ફસાયો છે. તેને ખ્યાલ છે શિવજીનું સ્મરણ કરવાથી પોતે આ દુ:ખદાયક ઘટમાળમાંથી હંમેશ માટે મુક્ત થઈ શકશે. મનુષ્યયોનીમાં જન્મ થયા પછી જીવ બીજું બધું કરે છે, શિવસ્મરણ, નામસ્મરણ નથી કરતો. એ અપરાધ માટે તે માફી માગે છે. સ્તોત્રના પ્રથમ શ્લોકમાં તે મહાદેવ શિવશંકરને કહે છે કે 'પહેલાં (પૂર્વજન્મમાં) કર્મની આસક્તિમાંથી ઉત્પન્ન થયેલું પાપ મને માતાની કૂખમાં દોરી જાય છે. ત્યાં મળ-મૂત્રની મધ્યે રહેલા મને જઠરાગ્નિ ખૂબ જ બાળે છે. ત્યાં જે જે કાંઈ દુ:ખ મને અતિશય પીડા આપે છે તે સર્વ કોણ કહી શકે ? (આ કારણોસર એ અવસ્થામાં મારાથી આપનું સ્મરણ ન થયું.) મારો આ અપરાધ હે શિવ, શિવ,

શિવ ! હે મહાદેવ ! હે શંભુ ! આપે ક્ષમા કરવા યોગ્ય છે.'

આચાર્ય અહીં ગર્ભાવસ્થાનાં દુઃખોનો નિર્દેશ કરી કહે છે કે જીવ ગર્ભમાં હોય ત્યારે તે કેદમાંથી મુક્ત કરવા ભગવાનને પ્રાર્થે છે અને બહાર નીકળ્યા પછી ભગવાનને નહિ ભૂલવાનું વચન આપે છે પણ દુનિયાની હવા લાગ્યા પછી તે પોતાનું વચન વિસરી જાય છે. બીજા શ્લોકમાં આચાર્ય બાળપણનાં કષ્ટો, દુઃખોનું વર્ણન કરે છે અને એ સંતાપને લીધે જીવ શિવનું સ્મરણ નથી કરી શકતો તે દર્શાવે છે. ત્રીજો શ્લોક યૌવનમાં જીવ શા માટે શિવને સ્મરતો નથી એનાં કારણો વર્ણવે છે :

**प्रौढोऽहं यौवनस्थो विषयविषधरैः पञ्चभिर्मर्मसन्धौ**
**द्रष्टो नष्टो विवेकः सुतधनयुवतिस्वादसौख्ये निषण्णः ।**
**शैवीचिन्ताविहीनं मम हृदयमहो मानगर्वाधिरढं**
**क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव मो श्रीमहादेव शम्भो ॥**

(જ્યારે હું યુવાવસ્થામાં આવીને પુખ્ત થયો ત્યારે પાંચ વિષયરૂપી વિષ ધરાવતા સર્પોએ મારા મર્મસ્થાનમાં દંશ દીધા. તેથી મારો વિવેક નષ્ટ થયો અને હું પુત્ર, ધન, સ્ત્રી અને સ્વાદનું સુખ ભોગવવામાં લાગી ગયો. અરેરે ! તે સમયે માન અને ગર્વથી વ્યાપ્ત થયેલા મારા હૃદયમાં આપના ચિંતનને સ્થાન ન હતું. મારો એ અપરાધ હે શિવ, શિવ શિવ ! હે મહાદેવ ! હે શંભુ ! આપે ક્ષમા કરવા યોગ્ય છે.) યુવાનીમાં વિષયવાસનાનું કેવું પ્રાબલ્ય હોય છે અને એ મનુષ્યને કેવો વિવેકચ્યૂત કરે છે એ અહીં આચાર્યે સુપેરે સમજાવે છે. યુવાનીમાં સંપત્તિ, સ્ત્રી અને સંતાન સુખ-સંતોષ ઓછાં આપે છે, સંતાપ વધુ આપે છે અને પછી અનિવાર્યપણે આવતી વૃદ્ધાવસ્થા તો વ્યાધિ, વ્યગ્રતા, ચિંતા વગેરેમાં એવી ફસાવે છે કે તેમાં ભગવાનને ભજવાનો મોકો જ મળતો નથી. આ સ્તોત્રમાં જેનું વિગતે વિવરણ કર્યું



તેનો સંક્ષેપમાં સંકેત કરી ચર્પટપંજરિકા પુસ્તકના સાતમા શ્લોકમાં આચાર્ય અવિવેકી મૂઢ મનુષ્યને ચાબખો મારી જાગૃત કરે છે અને તેને વિવેકપૂર્વક વિચાર કરી ભગવાનનું ભજન કરવા અનુરોધ કરે છે.

જન્મથી માંડી વૃદ્ધાવસ્થા સુધી મનુષ્ય બહિર્મુખ હોવાને કારણે સાંસારિક બાબતોમાં, કહો કે અનાત્મામાં ઓતપ્રોત રહે છે. વિષયોનું, તેમાંથી સાંપડતા સુખનું આકર્ષણ તેને છે. તેમાં આસક્તિ પણ છે, પરંતુ પોતાના આત્મા પ્રત્યે, પરમાત્મા પ્રત્યે નજર કરવાની પણ તેને ફુરસદ નથી. સ્વામી ચિન્મયાનંદજી લખે છે, 'Play passion and pang-these seem to be the three common boundaries in every thoughtless man's life.' ('Bhaja Govindam', 2012, P. 26)

વિવેક વડે પૃથક્કરણ કરી મનુષ્યે પ્રેય અને શ્રેય પૈકી પોતાને માટે પરમ હિતકારી શ્રેયની પસંદગી કરવી જોઈએ. શ્રેયનો માર્ગ જ પરમ પુરુષાર્થ મોક્ષ પ્રતિ દોરી શકે. સંસારની આસક્તિ બળવાન છે, તેમાંથી છૂટવું સહેલું નથી પણ સંસારની આસક્તિને સર્જનહાર પ્રત્યે વાળવામાં આવે તો મોહમાયામાંથી મુક્તિનો માર્ગ મોકળો થાય.

વાસ્તવમાં મનુષ્ય માત્ર આત્મા અને અનાત્મા, ચૈતન્ય અને જડનું સંયોજન છે. જે રીતે વીજળીના બલ્બનો વિદ્યુત સાથે સંયોગ થાય ત્યારે તે પ્રકાશિત થાય છે તે રીતે શરીર, મન, બુદ્ધિ અને અહંકારનો સંઘાત જ્યારે ચૈતન્ય-આત્મા સાથે સંયોજાય છે ત્યારે જીવન અસ્તિત્વમાં આવે છે. ચૈતન્ય કે આત્મા જ આપણું સાચું સ્વરૂપ છે. શરીર, મન, બુદ્ધિ વગેરે તો આપણને અભિવ્યક્ત થવા, કર્મ કરવા આપવામાં આવેલું ઉપકરણ છે,

સાધન છે. આપણી મૂર્ખતા એ છે કે આપણે સાધનને 'હું' માની લઈએ છીએ અને પછી સાધનની મર્યાદાઓને પોતાની માની દુઃખી થઈએ છીએ. અધ્યાત્મ આપણને અનાત્મામાં (સાધનમાં) જે આસક્તિ છે તેમાંથી હટાવી આત્મામાં, ચૈતન્યમાં કરવા કહે છે. શંકરાચાર્ય પણ 'ભજ ગોવિંદમ્' કહી આપણને આપણા આત્મા પ્રતિ અભિમુખ કરે છે, આત્મસાક્ષાત્કાર કરવા પ્રેરે છે.

એક રાજકુમાર એકવાર અશ્વ પર સવાર થઈ શિકાર કરવા જંગલમાં ગયો. થાક લાગતાં તેણે ઘોડાને વૃક્ષ સાથે બાંધ્યો. ઝાડ નીચે તે સૂઈ ગયો. ઊઠ્યો ત્યારે તેને જાણ થઈ કે તેનો ઘોડો કોઈ ચોરી ગયો છે. તે રાજમહેલ પાછો ફર્યો અને મિત્રોને તેણે પાર્ટી આપી. એક મિત્રે પૂછ્યું, 'પાર્ટી શાના ઉપલક્ષમાં છે ?' રાજુકમારે કારણ કહ્યું. મિત્રે કહ્યું, 'તું ગાંડો થયો છે કે શું ?' રાજકુમારે કહ્યું, 'ના, હું ભાનમાં છું. હું પાર્ટી એટલે આપું છું કે ઘોડો ચોરાયો છતાં હું સહીસલામત છું.' રાજકુમારની વાત સાચી છે. ઘોડો સાધન હતું. તે ચોરાવાથી, ગુમ થવાથી તેના અસ્તિત્વને કશી આંચ આવી ન હતી. આપણે અહીં જ ભૂલ કરીએ છીએ. શરીર, મન, બુદ્ધિનો સંઘાત આપણું સાધન છે એ ભૂલી તેને કંઈ નુકશાન થાય તો આપણે દુઃખી થઈ જઈએ છીએ. આપણે વાહનની ચિંતા કરીએ છીએ, ચાલકની નહિ. ચાલક ચૈતન્ય છે, આત્મા છે એ યાદ રાખી શરીર, મન, બુદ્ધિની બિનજરૂરી આળપંપાળ ન કરતાં ખરેખર મૂલ્યવાન આત્મદેવની દરકાર કરીએ તો આપણી સઘળી સમસ્યાઓનું સમાધાન સરળતાથી થઈ જાય.

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**



## ॥ શ્રી શ્રી મા આનંદમયી : પ્રસંગરંગ ॥

મહાત્મા ગાંધીજીને તેમના આવનારા મૃત્યુની તાકીદ કરનારાં, સુભાષચંદ્ર બોઝને દેશની સેવા સાથે અંતર્મુખ થઈને પોતાની અંદરના દેશની સેવા કરવાનું કહેનારાં, જમનાદાસ બજાજને લાંબા સમયની શાંતિ પ્રદાન કરનારાં, વિશ્વબેંકના અધ્યક્ષને ગુરુમંત્ર આપનારાં, ભારતના ભૂતપૂર્વ પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુ પાસે રોજ અમુક ચોક્કસ સમયે ઈશ્વર માટે એક અખંડ ક્ષણની માગણી કરનારાં, રાજમાતા સિંધિયા, કમલાપતિ ત્રિપાઠી, ત્રિગુણ સેન, ખેતાન જેવા નામી લોકોને ભક્તિભાવથી ભરી દેનારાં, સર્વ ધર્મના લોકોને પોતાની પાસે આકર્ષી તેઓને સદ્દુપદેશ દેનારાં હતાં મા આનંદમયી. એમનો જન્મ ઈ.સ.૧૮૯૬ની તા. ૧ મે, શુક્રવારે પરોઢિયે ત્રણ વાગ્યે બંગાળમાં ત્રિપુરા જિલ્લામાં ખેઉરા ગામમાં [હાલ બંગ્લાદેશ] એક ધર્મપરાયણ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ વિપિન વિહારી ભટ્ટાચાર્ય અને માતાનું નામ મોક્ષદાસુંદરી હતું. માતાપિતા બન્ને પરમભક્ત, સદાચારી અને પવિત્રતાની પ્રત્યક્ષ મૂર્તિ સમાન હતાં. તેઓની વંશપરંપરા ઘણી જ સમ્માનિત હતી તથા પૂર્વજોમાંથી બે-એક પુરુષોને સિદ્ધિ પણ પ્રાપ્ત થઈ હતી. પરિવાર ગરીબ હોવા છતાં સમાજમાં તેમનું અત્યધિક માન હતું. એમ સાંભળવામાં આવ્યું છે કે વિપિન વિહારીજીનાં માતાજી કસ્બા કાલીબાડી મંદિરમાં 'વિપિનને ત્યાં પુત્રજન્મ થાય' એવી પ્રાર્થના કરવા ગયાં અને કહેવાઈ ગયું : 'વિપિનને ત્યાં પુત્રીનો જન્મ થાય.' વૃદ્ધ દાદીની આ પ્રાર્થના પછી થોડા દિવસ બાદ શ્રીમાનો આવિર્ભાવ થયો હતો.

મા આનંદમયીએ તેમના જન્મ વિશે કહ્યું હતું : ''આ શરીરનો જન્મ પૂર્વજન્મના ફળભોગને કારણે થયો નથી;'' આ સંદર્ભમાં ગુરુપ્રિયા દીદીએ નોંધેલ એક પ્રસંગનો અહીંયાં ઉલ્લેખ કરવા જેવો છે : ''એક દિવસ શ્રીમા બ્રહ્મચર્ય, સત્ય, અહિંસા ને ત્યાગની આવશ્યકતા સમજાવતી હતી. મારી ડાયરીમાંથી કેટલોક ભાગ હું શ્રીમાને વાંચી સંભળાવતી હતી.'' તેમાં મેં લખ્યું હતું : 'नानाजी चले गये थे; जब वे घरमें वापस आए तब माँ का शरीर प्रकट हुआ ।' એ વાત સાંભળતાં જ મા બોલી : 'સાધારણ જીવોની જેમ માતા-પિતાથી આ શરીર જન્મ પામ્યું છે એમ બધાં માને'-એટલું બોલીને મા ચૂપ થઈ ગઈ. પૂછતાં મોંમાંથી અક્ષર નીકળ્યો નહિ-વળી 'વિપિન ભટ્ટાચાર્ય ને વિધુમુખી [માનાં 'મા'નું બીજું નામ]ની કન્યાના રૂપમાં જન્મ લીધો.' એ વાત પર મેં પ્રશ્ન કર્યો કે તે દિવસે એવા ઢંગથી વાત કરી હતી કે સાધારણ જીવની માફક માતા-પિતાથી તમારો જન્મ નથી થયો એ વાત જરા સ્પષ્ટ સમજાવવા કૃપા કરો. વળી પહેલાં એક વાર વાતવાતમાં મા બોલી હતી : ''આ શરીર આવિર્ભાવ થતાં પહેલાં પિતાજીએ ગૃહત્યાગ કર્યો હતો. ઘણા દિવસો સુધી ગેરુઆં પણ ધારણ કર્યાં હતાં, હરિસંકીર્તનમાં સમય વ્યતીત કરતા હતા. એમના એ વૈરાગ્યભાવના સમયમાં આ શરીરનો આવિર્ભાવ થયો હતો.'' આ વિચારે મેં શ્રીમાને એ વાત સ્પષ્ટ સમજાવવા કૃપા-યાચના કરી ત્યારે મા બોલી : ''આ શરીરની વાત છોડી દે, પણ સ્ત્રીથી ઉત્પન્ન ન હોતાં માતૃગર્ભમાં સંતાનની જેમ પ્રકટ થઈ છે.'' —મેં પ્રશ્ન કર્યો : 'એની લીલા, માયાનો ખેલ, કેટકેટલી રીતે પ્રકટ થઈ શકે છે. આજે માતૃગર્ભથી પેદા થતું જોયું એમાં પણ શું બીજું કંઈ હોઈ શકે ?'



'અનન્ત, અવ્યક્ત !' શ્રીમાએ એમ કહી મૂળ વાત દબાવી દીધી ! ''પરંતુ તમે લોકોએ ઇચ્છ્યું કે વિચાર્યું તેવું મેળવ્યું છે.'' મહામહોપાધ્યાય શ્રી ગોપીનાથ કવિરાજ લખે છે : ''શ્રીમાની અજ્ઞાન અવસ્થા ક્યારેય રહી નથી. 'મા'નું જીવન પ્રાકૃતિક કાર્યકારણ આદિ નિયમનોને અધીન નથી અને તેનું દેહધારણ કરવું પૂર્વજન્મના કર્મફળ ભોગવવા અર્થે નથી. આ વાત 'મા' સ્પષ્ટરૂપે કહે છે. તે વાતથી 'મા'ના પૂર્વજન્મની સંભાવના પણ નિવૃત્ત થઈ જાય છે.''

શ્રીમાને શાળાનું ઔપચારિક શિક્ષણ પણ ખાસ મળ્યું ન હતું. આમ છતાં આશ્ચર્યજનક રીતે બ્રહ્મ સાથે તાદાત્મ્ય અનુભવીને પોતે આત્મજ્ઞાની હોવાનો પરિચય જગતને આપ્યો હતો. બાલ્યાવસ્થાથી જ આવાં લક્ષણો-પ્રસંગો શ્રી'મા'માં જોવા મળ્યાં હતાં. દા.ત. વિવિધ પ્રકારનાં દેવદેવીઓનાં દર્શન થતાં, દૂર થતા કીર્તનને સાંભળીને શરીરની અનોખી દશા થતી. પરંતુ ઓરડામાં અંધારું હોવાને કારણે મા-બાપને આની જાણ થતી ન હતી. લગભગ પાંચથી છ વર્ષની ઉંમરે એમનાં માતાજી એમને માતલાના શિવમંદિરે લઈ ગયાં હતાં. માતાજીને દરવાજા પાસે બેસાડીને તેઓ આમતેમ ફરી રહ્યાં હતાં ત્યારે શ્રી'મા'ને નૃત્ય કરતા શિવજીનાં દર્શન થયાં હતાં. શ્રી'મા'ને પોતાના જન્મસમયની ઘટનાની પણ યાદ હતી. માએ કહ્યું હતું : ''જન્મ સમયે હું શું કરવા રડું ? હું તો દીવાલની જાળીમાંથી આંબાના વૃક્ષને જોઈ રહી હતી.'' તેમના જન્મના તેરમા દિવસે તેમને કોણ મળવા આવ્યું હતું એ પણ તેમને ખબર હતી. આ સંદર્ભમાં શ્રી ગોપીનાથ કવિરાજ લખે છે : '''મા'ના જીવનમાં, તેમની શૈશવાવસ્થામાં પણ, જે ઘણીય અપ્રાકૃતિક ઘટનાઓ ઘટી છે તે

અત્યંત વિસ્મયકારક છે. સાધુ-સંત તથા યોગીઓના જીવનમાં આપણે આવા પ્રકારની ઘટનાઓ જોવાના અભ્યાસી છીએ. તે લોકોના જીવનમાં આનું યથાયોગ્ય સ્થાન છે અને ગૌરવ પણ છે. કિંતુ આ સર્વ 'મા'ના માધુર્યમય તથા લોકોત્તર વ્યક્તિત્વથી અનુસ્યૂત અપૂર્વ સમતા અને આનંદમય સ્વભાવની તુલનામાં નગણ્ય પ્રતીત થાય છે. વાસ્તવમાં 'મા'નું વ્યક્તિત્વ પ્રબળ હોવા છતાંય તે તેના વ્યક્તિહીન અવ્યક્ત પરમ સ્વરૂપની સાથે અભિન્ન છે; એટલે સુધી કે જો તેને એક જ વસ્તુ કહેવામાં આવે તો અત્યુક્તિ થશે નહિ.''

૧૩ વર્ષની વયે શ્રી'મા'નાં લગ્ન રમણીમોહન ચક્રવર્તી સાથે થયાં, જેઓ પાછળથી ભોળાનાથ બાબા તરીકે ઓળખાયા. પત્નીને આવૃત કરતા આધ્યાત્મિક તેજના ઑરાને નિહાળી પતિના સંસારને લગતા તમામ વિચારો લુપ્ત થયા અને ડિસેમ્બર ૧૯૨૨માં પત્ની પાસેથી દીક્ષા ગ્રહણ કરીને તેઓ તેમના સૌ પ્રથમ શિષ્ય બન્યા હતા. અલબત્ત લગ્ન બાદ પતિની જેમ વાસનાથી પ્રેરાઈને ભોળાનાથ શ્રીમાની સમીપ જતા એવા સમયે શ્રી'મા'નું શરીર કાં તો શબની માફક સખત થઈ જતું, ઘણું જ મોટું જણાતું અથવા સંકોચાઈને એટલું નાનું થઈ જતું કે આ સર્વ જોઈને ભોળાનાથ ડરી જતા. ક્યારેક તો શ્રી'મા'ના શરીરનો સ્પર્શ કરતાંની સાથે જ તેમની વાસના એકદમ શાંત થઈ જતી હતી. જ્યારથી તેમણે શ્રી'મા'ની સ્વર્ગીય પવિત્રતા અને નિર્મળતાને જાણી ત્યારથી તે શ્રીમાનો 'મા'ની માફક આદર કરવા લાગ્યા અને તેમને 'મા' શબ્દથી સંબોધન કરવા લાગ્યા. શ્રી'મા' તથા ભોળાનાથજીનો સંબંધ પિતા પુત્રી જેવો જ હતો. શ્રી'મા' કહે છે : ''જેમ બાળકી પિતા પાસે રહે તેમ હું



ભોળાનાથ પાસે રહેતી હતી.''

દત્તાત્રેયાનંદ બ્રહ્મચારી લખે છે : ''બાલ્યાવસ્થાથી જ શ્રી'મા'માં સત્ય અને નિર્ભયતાના ગુણો પૂર્ણરૂપે ખીલેલા હતા. વળી ગૃહસ્થજીવનમાં પણ સ્વર્ગીય પવિત્રતા, આહાર-સંયમ, વાક્સંયમ, ધૈર્ય, પતિસેવા તથા તેના આદેશોનું પાલન, ગૃહ-કાર્યમાં દક્ષતા, ધૈર્ય, હસમુખો અને મિલનસાર સ્વભાવ ઇત્યાદિ અનેક ગુણો જોઈને લોકોને આશ્ચર્ય થયા વિના રહેતું નહિ. જો કે 'મા' ગૃહસ્થજીવનમાં રહ્યાં છતાંય ગૃહસ્થજીવનથી અલિપ્ત રહ્યાં હતાં.''

શ્રી'મા'નું મૂળ નામ નિર્મળાદેવી હતું. બંગાળ સરકારના અધિકારી જ્યોતિષચન્દ્ર રૉય શ્રી શ્રી'મા'ના અનન્ય ભક્ત હતા. શ્રી ભોળાનાથબાબા તેમને માનસપુત્ર ગણતા હતા. એક દિવસ એક પ્રસંગે જ્યોતિષબાબુએ નિર્મળાદેવીને 'મા આનંદમયી' કહીને સંબોધ્યાં અને કહ્યું : '''મા', આજે તો હું એકલો તમને 'મા' કહું છું પરંતુ એક દિવસ એવો આવશે જ્યારે સમસ્ત જગત તમને મા કહેશે.'' એકવાર એક ભક્તે 'મા'ને પૂછ્યું : ''આનંદમયી શબ્દનો શો અર્થ છે ?'' 'મા'એ ઉત્તરમાં કહ્યું હતું : ''ભગવતીનું ચિરંતન નામ આનંદમયી છે. દરેક વસ્તુમાં આનંદમયી વિદ્યમાન છે, यत्र जीव तत्र शिव, यत्र नारी तत्र गौरी ।'' જ્યોતિષબાબુ શ્રીમા વિશે લખે છે : '''મા' સાક્ષાત્ બ્રહ્માંડ-જનનીનું મૂર્ત સ્વરૂપ છે. એ સર્વદેવમયી પરમ દેવતા છે, મંત્રદષ્ટા ઋષિ છે. એમનામાં ઇચ્છા-અનિચ્છા જેવું કાંઈ નથી. એમની પ્રવૃત્તિ તથા નિવૃત્તિ એમની ઇચ્છાથી થતી નથી. આ અખંડ માતૃભાવનો સર્વતોમુખી પ્રકાશ શ્રી'મા'ની તમામ વાતોમાં, કાર્યોમાં અને એમના અલૌકિક વ્યવહારમાં દેખાઈ

આવે છે. પરમહંસ યોગાનંદ તેમના પુસ્તક Autobiography of a Yogiમાં લખે છે : "હિંદમાં ઘણા આત્મદર્શી પુરુષોને હું મળ્યો છું, પણ આટલી ઉચ્ચ કક્ષાની મહિલા સંતનો મને કદી ભેટો થયો નથી. તેમના કોમળ વદન ઉપર અવિરત આનંદની એક એવી ઝલક મારતી કે જેથી તેમનું નામ 'મા આનંદમયી' પડ્યું." ૧ મે, ૧૯૮૭ના રોજ ભારતીય ટપાલ વિભાગે પૂજ્ય શ્રી આનંદમયીના સન્માનરૂપે એક રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી. જ્યોતિષબાબુની ટૂંકી જીવનરેખા શ્રી શ્રી'મા'ની કૃપાથી જ લંબાવા પામી હતી. તેમના વિશે માએ કહ્યું હતું : 'તમારે હંમેશાં યાદ રાખવું કે તમે સાચા બ્રાહ્મણ છો, તમારી સાથે ભગવદ્‌ભાવરૂપી સૂક્ષ્માતિસૂક્ષ્મ સૂત્ર વડે આ શરીરનો [શ્રી'મા'નો] અવિચ્છિન્ન યોગાનુયોગ રહેલો છે.' ૧૯૨૪માં મા સાથે જ્યોતિષબાબુની પ્રથમ મુલાકાત થઈ ત્યારે તેમને એમ થયું હતું કે : "હવે આ ચરણોમાં જ હું મને નિઃશેષ કરી દઈશ." અને છેવટે એમ જ થયું.

'મા આનંદમયી' જીવનપર્યંત લોકોના કલ્યાણ માટે સમગ્ર ભારતમાં ફરતાં રહ્યાં. જ્યાં જ્યાં તેઓ ગયાં ત્યાં ત્યાં તેમના આશ્રમો સ્થપાયા. [આજે ગુજરાત સહિત ભારતમાં કુલ ત્રેવીસ આશ્રમો અને બાંગ્લાદેશમાં બે આશ્રમો છે. તેની શાખાઓ દિલ્હી, પૂના, કોલકતા, ભોપાલ, દહેરાદૂન, જમશેદપુર જેવાં મોટાં શહેરોમાં તથા અલમોડા, હરિદ્વાર, કેદારનાથ, જગન્નાથ પુરી, વૃંદાવન જેવાં તીર્થસ્થળોમાં પણ આવેલી છે.] 'મા' જ્યાં જતાં ત્યાં તીર્થ બની જતું. આ સંદર્ભમાં શ્રી ગોપીનાથ કવિરાજ લખે છે : "'મા' એક સ્થાનેથી અન્ય સ્થાનમાં હર્યા-ફર્યા કરે છે તેમ છતાંય તે સર્વદા જ જાણે છે કે 'તે એક જ સ્થાનમાં છે'—



ગતિ તથા સ્થિતિ જુદી જુદી છતાં એક એમ તેમની ચેતનામાં સહચરીના રૂપે એકસાથે વિદ્યમાન રહે છે, એ એક જ પરમતત્ત્વની વિભિન્ન બાજુઓ છે. વાસ્તવમાં બાજુઓ છે ક્યાં ? પરમતત્ત્વ દિગ્‌વિભાગ-શૂન્ય, પરિધરૂપ બંધનથી રહિત, એક અને અભિન્ન છે." "પોતે સમાધિમાં હોય કે ના હોય તો પણ તેઓ સર્વદા તે સ્થિતિમાં હોય છે. તેમનામાં નથી હોતી કોઈ વધઘટ, નથી હોતો કોઈ ફેરફાર. સ્થળ, કાળ અને વૈયક્તિક ઉપાધિઓથી પર છતાંય આ બધાંને પોતાનામાં સમાવિષ્ટ કરતાં તેઓ સર્વદા વિશ્વવ્યાપી સર્વોચ્ચ અદ્વૈતતત્ત્વની આનંદાવસ્થામાં મગ્ન હોય છે."

દરેક ધર્મ કે સંપ્રદાયના લોકો, ધનિક, ગરીબ સૌ કોઈ માનાં દર્શનાર્થે જતા હતા. માએ પરંપરાગત મૂલ્યો અને ધર્મગ્રંથોમાં દર્શાવાયેલ માર્ગો પ્રત્યે દૃઢ સમર્થન વ્યક્ત કરીને લોકોને આત્મ-જ્ઞાનના માર્ગ પર ચાલવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ગોપીનાથજીએ કહ્યું છે : "'મા'નો પોતાનો કોઈ પંથ નથી, કોઈ વિશેષ ઉપદેશ કે મતવાદ નથી, તે જાણે છે કે : "ભગવાનની પ્રાપ્તિનો પથ મૂળમાં એક હોવા છતાંય વ્યક્તિગત રુચિ અને આધાર અનુસાર તે તે ભિન્ન ભિન્ન આકાર ધારણ કરે છે." શ્રી'મા'એ કહ્યું છે કે ઈશ્વરને પામવામાં જેટલી વ્યક્તિ છે એટલા માર્ગો છે. શ્રીમાનો કોઈ વિશેષ ઉપદેશ, સંપ્રદાય કે પદ્ધતિ ન હતાં પરંતુ ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા અને બિનશરતી શરણાગતિને તેઓ વિશેષ અગત્ય આપતાં હતાં."

શ્રી'મા'એ ધાર્મિક પુસ્તકો વાંચ્યાં ન હતાં તેમ જ સાધના માટે કોઈ શાસ્ત્રનો અભ્યાસ પણ નહોતો કર્યો. કારણ કે વાંચીને સમજવા જેટલું અક્ષરજ્ઞાન તેમને હતું નહિ, છતાં તેમની

આધ્યાત્મિક સાધના અનવરત ચાલ્યા કરતી હતી. ઑગસ્ટ ૧૯૨૨માં ઝૂલન પૂર્ણિમા એટલે કે બળેવના દિવસે 'મા'એ પોતે જ પોતાને દીક્ષા આપી હતી. પોતે જ ગુરુ અને પોતે જ શિષ્યા ! શ્રી'મા'ના જ શબ્દોમાં તે આ પ્રમાણે છે : ''તે ઝૂલન પૂર્ણિમાની રાત્રે દરરોજની જેમ વાળુ કરી લીધા બાદ ભોળાનાથના વાસણ માંજવા, બિછાનું કરવું આદિ કાર્ય કર્યા બાદ આ શરીર ભજન કરવા બેઠું. ['મા' પોતાને માટે 'આ શરીર' એવા શબ્દો વાપરતાં હતાં] શું થયું ? પૂજાની સર્વ સામગ્રી ક્યાંકથી આપોઆપ આવી ગઈ. મેં બહારથી કોઈ વસ્તુ મંગાવી ન હતી. યજ્ઞસ્થળી આપોઆપ બની ગઈ. એક બીજમંત્રનું અંદરથી [શરીરમાંથી] સ્ફુરણ થયું અને તે યજ્ઞસ્થળી પર આપોઆપ લખાઈ ગયો. હવનનો અગ્નિ પ્રજ્વલિત થઈ ગયો. આવું બીજું પણ કેટલુંય બન્યું. આ શરીર દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર આહુતિઓ અપાવા લાગી. જપ થવા લાગ્યો. પૂર્ણ રીતે પૂજા થઈ. સૂર્યને અર્ઘ્યદાન દેવામાં આવ્યું. તે જ સમયે ત્યાં જ સૂર્યનાં દર્શન થયાં. શરીરમાં પ્રણવધ્વનિ થવા લાગ્યો. મને ખ્યાલ આવ્યો કે આ શરીરની માતા તો કહ્યા કરતી કે સ્ત્રીઓને પ્રણવ-ઉચ્ચારણની મનાઈ છે. આ ખ્યાલ આવતાં જ પ્રણવધ્વનિ બંધ થઈ ગયો. મંત્રનો જપ થવા લાગ્યો. સર્વ પ્રથમ આંગળીઓ સીધી થઈ ગઈ, ત્યાર બાદ જપ કરવા માટે ધીમે ધીમે વાંકી થઈ. હું આ બાબતમાં કાંઈ વિચાર કે ચેષ્ટા કરતી તો ગરબડ થતી. જ્યારે ચેષ્ટા છોડી દેતી ત્યારે થોડી વારમાં જ આપોઆપ સર્વ ઠીક થઈ જતું. પહેલાં ભગવત્-નામનો જપ થતો હતો, હવે બીજમંત્રનો જપ થવા લાગ્યો. તે મંત્રનો 'ટક ટક' ધ્વનિ ગળાથી શરૂ થઈ મેરુદંડ સુધી પહોંચતો હતો. આ પહેલાં પણ શરીરમાં



વિભિન્ન પ્રકારનાં આધ્યાત્મિક વિકાસ અને ક્રિયાઓ થયાં કરતાં હતાં. જેને તમે લોકો 'દીક્ષા' કહો છો તેના જેવી આ એક પ્રકારની પ્રક્રિયા હતી.''

આ જ સાલમાં તેમના પતિ ભોળાનાથબાબાએ 'મા' પાસેથી દીક્ષા ગ્રહણ કરી ને તેઓ 'મા'ના સૌ પ્રથમ શિષ્ય બન્યા. મજાની વાત તો એ છે કે ભોળાનાથબાબાની દીક્ષાના સંદર્ભમાં કોઈએ પ્રશ્ન પૂછતાં 'મા'એ કયા દિવસે, કઈ તારીખે એમની દીક્ષા થશે તે અગાઉથી કહી દીધું હતું. આ દિવસ આવતાં પતિ ભોળાનાથે આ પ્રસંગને ટાળવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ તેમની દીક્ષાવિધિ થઈને જ રહી. 'મા'ના મુખમાંથી નીકળેલ બીજમંત્રનો જપ એમને આપવામાં આવ્યો. પ્રસાદ વિના માંસ ન ખાવાની અને શરીર અને મનને સાફ રાખવાની તથા નિત્ય બીજમંત્ર કરવાની શીખ માએ ભોળાનાથબાબાને આપી. તેનું આચરણ ભોળાનાથજીએ શરૂ કરી દીધું. ૧૯૨૨માં શ્રી'મા' પાસે વિધિવત્ શિષ્ય બનેલા ભોળાનાથની આધ્યાત્મિક ઉન્નતિ થઈ. ૧૯૩૮માં સંન્યાસી તરીકે નિર્વાણ પામ્યા ત્યાં સુધી શ્રી'મા'ના એકનિષ્ઠ ભક્ત બની રહ્યા.

'મા'ની સાધના એટલી પ્રબળ હતી કે દિવસોના દિવસો સુધી કાંઈ પણ ખાતાંપીતાં નહિ. એમણે મૌન રાખવાનું શરૂ કર્યું. મૌન સમયે 'મા' કોઈ પ્રકારની નિશાની કે હાથના હાવભાવથી કંઈ જ કહેતાં નહિ. બીજા શબ્દોમાં બિલકુલ 'કાષ્ઠ મૌન' રાખતાં હતાં. મૌન તેમણે સતત ત્રણ વર્ષ સુધી રાખ્યું હતું. આ સાથે આસન, પ્રાણાયામ, મુદ્રા વગેરે યોગની ક્રિયાઓ વિશેષરૂપે 'મા'ના શરીરમાં થવા લાગી હતી. 'મા'ના મુખમાંથી સ્તોત્રો અને બીજમંત્રો આપોઆપ નીકળવા લાગ્યાં હતાં. 'મા'ની આ

પરાવાણીનું અર્થઘટન કરનાર, તેને ખરા અર્થમાં સમજનાર, સમજાવનાર અને એને યથાર્થરૂપે રજૂ કરનારા એકમાત્ર અધિકારી ગોપીનાથ કવિરાજ હતા. 'મા' પોતે પણ તેમના અર્થઘટનને પ્રમાણભૂત માનતાં હતાં.

શ્રી'મા'ની સાધના વિશેની વાતને વિશેષરૂપથી સ્પષ્ટ કરતાં શ્રી ગોપીનાથે કહ્યું છે : "'મા'એ બાલ્યાવસ્થામાં જ સાધિકાની ભૂમિકા ગ્રહણ કરી હતી એ સત્ય છે. વળી આ સમયે યથાર્થ સાધિકાને જે જે અવસ્થાઓનો અનુભવ થવાની વાતોનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે તે સર્વ જ ક્રમે ક્રમે 'મા'ની અંદર થઈ રહી હતી એ પણ સત્ય છે. કિન્તુ આ અભિનય હતો. આ અભિનય દ્વારા 'મા' પહેલાં અજ્ઞાની જેવો સ્વાંગ ધારણ કરી વિભિન્ન પ્રકારની કઠોર તપસ્યા, મૌનધારણ, આહારસંયમ, જપસાધન, યૌગિક ક્રિયાઓનો અભ્યાસ તથા પૂજા આદિનાં અનુષ્ઠાન દ્વારા આગળ વધ્યાં હતાં. આ અભિનયના જ અંશરૂપે આત્મજ્ઞાનનો વિકાસ પણ થયો. વિરહયાતના, પ્રાણોની નીરસતા તથા છેલ્લે મિલનનો આનંદ એ સર્વ તેનાં સ્વયં અભિનીત સાધન-નાટ્યનાં સમુચિત સ્થાનમાં થયાં હતાં." કવિરાજે વિશેષ સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે 'મા'ની સાધના અને આત્મજ્ઞાન આને કોઈ બે ભાગમાં વિભક્ત આત્માના ક્રિયાલાપ ન માની લે —આ છે સદા જાગ્રત આત્મચેતના-સંપન્ન ઇચ્છાશક્તિનો એક પ્રકાશ જે રંગમંચ પર એક જ સમયે બે ભૂમિકાઓ ગ્રહણ કરી અવતીર્ણ થયો છે. શ્રી'મા' ક્યારેય અજ્ઞાનથી આવૃત હતાં નહિ. શ્રી'મા'એ કહ્યું છે : "આ શરીરે બાળપણથી યુવાની સુધીની અવસ્થાની કોઈ પણ stages [ભૂમિકાઓ] પસાર કરી નથી તેમ જ સાધકથી સાક્ષાત્કાર સુધીની stages પસાર કરી નથી."



શ્રી'મા' જેને 'ટૂટી-ફૂટી' વાણી કહેતાં એમાં વાક્યના નાના નાના ટુકડાઓમાં જ —સ્વયંસ્ફુરિત પ્રકાશનાં [સ્વયં પ્રકાશનાં] દર્શન થાય છે. દેશગત, કાળગત, ક્રિયાગત કે ભાષાગત દરેક પ્રકારના સંસ્કારોથી મુક્ત એવી આ અંતઃસ્ફુરિત વાણી અર્થથી ભરપૂર છે, પરંતુ શ્રી ગોપીનાથજીએ લખ્યું છે તે પ્રમાણે "'મા'ની સર્વ ઉક્તિઓ ગંભીર અર્થથી ભરપૂર છે. પાઠકોને તેમાંથી કંઈક કે કેટલીક અસ્પષ્ટ પ્રતીત થઈ શકે છે." શ્રી'મા'ના અનન્ય ભક્ત સ્વ. ચૈતન્યબહેન દિવેટિયા લખે છે : "...શ્રી'મા'ની વાણીનું માધુર્ય, જે એ ભાંગી-તૂટી ભાષામાં પણ રહેલું છે તે જાણે અંતઃસ્થ કોઈ નાનકડા કાવ્યનું સ્ફુરણ !" શ્રી'મા'ની આવી આગવી, અનોખી વાણીનું વિવરણ સહજ રીતે ગોપીનાથ કવિરાજે કર્યું છે જે અમરવાણી નામના પુસ્તકમાં ગ્રંથસ્થ છે. કવિરાજ લખે છે : "આને કારણે 'મા' સરળ ભાષામાં બોલી શકતાં નથી એવી ધારણા કરી લેવી ઠીક નથી. વિપદ્ગ્રસ્ત અથવા કિંકર્તવ્યમૂઢ થયેલા લોકો 'મા' પાસે આવતા. 'મા' તે લોકોને સરળ, સ્પષ્ટ, એકાર્થક તથા જ્ઞાન અને પ્રેમથી વિશદ ભાષામાં ઉપદેશ આપે છે."

'મા' 'ગુરુ' વિશે અવારનવાર ભક્તો સમક્ષ કેટલીક રસપ્રદ વાતો કરતાં, તેઓ કહેતાં : 'સદ્ગુરુની પ્રાપ્તિ માટે સદ્પ્રયત્ન કરવો જોઈએ, પરંતુ જ્યારે સ્વવિકાસ માટેની પ્રબળ ઇચ્છા જાગે ત્યારે ગુરુ આપોઆપ આવી મળે છે. એકવાર ગુરુ આશ્રય આપે છે પછી પણ શિષ્યનું લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી ગુરુ તેને ત્યજતા નથી. ગુરુના દેહત્યાગ પછી પણ શિષ્યને ગુરુની મદદ મળ્યા કરે છે.' શ્રી'મા' કૃપા વિશે કહેતાં - 'કૃપા એટલે જ અકારણ કૃપા. જ્યારે થવાની હોય છે ત્યારે એની

ઈચ્છાથી જ કૃપા ઊતરી આવે છે. બાળક રમતું હોય ત્યારે ઘડીભર 'મા'ને ભૂલી જાય છે. 'મા' ઓચિંતી જઈને એને પોતાના ખોળામાં લે છે. બાળકના બોલાવ્યા સિવાય 'મા'નું વહાલ ઊભરાઈ ગયું. તમે કહેશો કે બધી કૃપા આ જન્મના સત્કાર્યનું ફળ જ છે. એક રીતે આ વાત સત્ય છે, છતાં બીજી રીતે સ્વતંત્ર હોવાથી એમની કૃપાનું કારણ શું હશે એ પ્રશ્ન મનમાં ઊઠે, પણ આવી જિજ્ઞાસા રાખવી નહિ તેમ જ એની સમાલોચના કરવા જેવી નથી. એમની કૃપા તો સર્વ ઉપર સરખી જ રહે છે, જ્યારે કોઈને બરાબર લાભ કરવાનો સમય કે યોગ્યતા આવે છે ત્યારે તે બરાબર જોઈ શકે છે કે એ કૃપા લાભ કરે છે.'

શ્રી'મા'ને પૂછાતા પ્રશ્નનો જવાબ સરળ, સ્પષ્ટ અને ટૂંકો રહેતો હતો. નોંધપાત્ર બાબત તો એ છે કે જ્યારે શ્રી'મા'ને કંઈક પુછવામાં આવતું અથવા કાંઈક કરવાનું કહેવામાં આવતું ત્યારે શ્રી'મા' ક્યારેય એમ નહોતાં કહેતાં : ''હું જાણતી નથી અથવા હું તે કરી શકતી નથી કે મારામાં એ કરવાની શક્તિ નથી.'' આવું ક્યારેય એમના મોઢે સાંભળવામાં આવ્યું નથી. એમનો સામાન્ય જવાબ એ રહેતો : ''અત્યારે કહેવા, કરવાનો 'ખયાલ' નથી આવતો, ફરીથી ક્યારેય પૂછજો.''

શ્રી'મા'એ ક્યારેય પ્રવચનો ન કર્યાં, પરંતુ તેઓ ભક્તોના પ્રશ્નોના ઉત્તર આપતાં. કોઈપણ પદ્ધતિ કે વાદોથી મુક્ત, નિર્બન્ધ, સહજ-સ્ફુર્ત વાણીમાં વહેતા, સીધા, સોંસરવા, અસ્ખલિત ઉત્તરો ભલભલા સાધુઓ, વિશ્વવિખ્યાત પંડિતો, તત્ત્વદર્શીઓ, વિદેશના એલચીઓ, રાજા મહારાજાઓ અને રાણીઓ, કલાકારો, ડૉક્ટરો, વકીલો અને રાજકારણીઓને



મંત્રમુગ્ધ કરી દેતા. ક્યારેક શ્રી'મા' કોઈ પ્રશ્ન કે સમસ્યાના ઉકેલ માટે જુદા જુદા ઉપાયો દર્શાવી પ્રશ્ન પૂછનારને એના પોતાના દષ્ટિકોણ પ્રમાણેની પસંદગી કરી લેવાનું કહેતાં હતાં. કેટલીક વાર પ્રશ્નોના ઉત્તર આપવામાં શ્રી'મા'ની ચતુરતા અને વિનોદવૃત્તિનાં પણ દર્શન થતાં હતાં. એકવાર એક યુવકના પ્રશ્નના જવાબમાં શ્રી'મા'એ કહ્યું હતું : ''તમારા ગુરુ કહે તે પ્રમાણે કરો.'' યુવકે શ્રી'મા'ને કહ્યું : ''મા, માનો કે તમે જ મારા ગુરુ છો.'' ત્યારે શ્રી'મા'એ કહ્યું : ''માનવાનું જ ને, છું તો નહિ જ ને ?'' સમગ્ર ભક્તવૃંદમાં હાસ્યનું મોજું ફેલાઈ ગયું હતું. એકવાર માતૃસત્સંગમાં શ્રી'મા'એ દીનદુઃખી લોકોની સેવા કરવાની સૌને શીખ આપી ત્યારે એક યુવકે ઊભા થઈને સત્સંગમાં બિરાજેલ સંપન્ન લોકો તરફ ઈશારો કરીને કહ્યું : ''મા આ લોકો શું દીનદુઃખી છે ?'' ત્યારે શ્રી'મા' તરત બોલી ઊઠ્યાં : ''બાબા, આ લોકો જ દીનદુઃખી છે.'' શ્રી'મા'ના ઉત્તરનો મર્મ સમજીને સત્સંગમાં બેઠેલાં સૌ હસી પડ્યાં હતાં.

એક વાર શ્રી'મા'ના ભક્ત, રાજકારણી, રાજપીપળાના મહિડાએ ગુજરાતના ભીમપોર આશ્રમમાં પ્રશ્ન કર્યો : ''મા, ઈન્દિરાજી તમારા ભક્ત હોવા છતાં કટોકટી લાદવાનું, લોકોને જેલ ભેગા કરવાનું અયોગ્ય કામ તેમણે કેમ કર્યું ?'' 'મા'એ ત્વરિત ઉત્તર આપતાં કહ્યું : ''સાચો ભક્ત ક્યારેય કદી ખોટું કામ કરતો નથી.'' શ્રી મહિડા બોલ્યા : ''મા, આનો અર્થ એ થયો કે ઈન્દિરાજી કાં તો તમારા સાચા ભક્ત નથી, અથવા તેઓ જે કંઈ કરે છે તે બરાબર છે.'' શ્રી'મા' સાથે સૌ હસી પડ્યાં. કેટલીક વાર શ્રી'મા'ના સત્સંગ દરમિયાન પોતાને પુછાયેલ પ્રશ્નોના જવાબ પોતે આપવાને બદલે સભામાં હાજર

પંડિતોને, સાધુ-સંન્યાસીઓને કે સંતોને એનો જવાબ આપવા માટે આગ્રહ કરતાં. સંતો શ્રી'મા'ને જવાબ દેવા આગ્રહ કરતા. આમ પરસ્પરના આગ્રહને કારણે સમગ્ર વાતાવરણ મધુર અને આનંદદાયક બની જતું. ક્યારેક શ્રી'મા' અપાયેલ ઉત્તરમાં પૂરવણી પણ કરતાં હતાં.

માત્ર શિક્ષિતો કે અધ્યાત્મજિજ્ઞાસુ સાધકો માટે જ નહિ, પરંતુ અશિક્ષિત લોકો, મજૂરો, મનથી ભાંગી પડેલા કે માનસિક તકલીફોથી ઘેરાયેલા લોકો માટે, દાંડ કે દુરાચારી લોકો સહુને માટે શ્રી'મા'નો એક જ બોધ હતો : "આ શરીર [શ્રી'મા'] લાખ દર્દોની એક જ ઔષધિ બતાવે છે, પરમાત્મા. એમનામાં શ્રદ્ધા રાખો, એમનું અવલંબન કરો, જે કંઈ બને છે તે એમનું આપેલું સમજીને સ્વીકારી લો, જે કંઈ કરો તે એમની સેવા સમજીને કરો, સત્સંગ રાખો, શ્વાસે શ્વાસે એમનો વિચાર કરો, પ્રભુમય થઈને જીવો. તમારો બધો જ ભાર એમના હાથમાં છોડી દો તો એ બધું જ સંભાળી લેશે અને પછી કોઈ સમસ્યાઓ રહેશે નહિ." શ્રી'મા' સનાતન ધર્મની પરંપરાને અને શાસ્ત્રોની આજ્ઞાઓને દૃઢતાપૂર્વક પુરસ્કૃત કરતાં હતાં. શ્રી'મા' ગૃહસ્થોને પ્રાચીન ઋષિમુનિઓને અનુસરવાનો આદર્શ આપતાં હતાં તથા પતિ, પત્ની અને સંતાનોને ભગવદ્‌સ્વરૂપ માનીને તેમની સેવા કરવાનું કહેતાં હતાં. શ્રી'મા' વૈદિક યજ્ઞો, હોમહવન અને મંત્ર-પુરશ્ચરણો પણ કરાવતાં હતાં.

શ્રી'મા' વખતોવખત વાર્તા દ્વારા કે રામાયણ, મહાભારતના પ્રસંગો દ્વારા ભક્તોને જરૂરી સમજણ પૂરી પાડતાં હતાં. કોઈને સાકાર-ભક્તિ તો કોઈને નિરાકારનું ધ્યાન કરવાનું કહેતા, કોઈને પ્રભુ પ્રત્યે સંપૂર્ણ શરણાગતિનો બોધ કરતાં તો



કોઈને આપ્યો : 'જ-ન મ...ન મેં જા...' મ - નું મૈં કર્યું, જ-નું જા કર્યું, જા એટલે જન્મ-મારો જન્મ નથી. 'નમસ્કાર=ન મૈં આકાર' એટલે મારો આકાર નથી [રૂપ નથી] - એટલે હું પરબ્રહ્મ છું. એકવાર શ્રી'મા'એ કહ્યું હતું. : "સૃષ્ટિ, સ્થિતિ અને લય પહેલાં પણ હું હતી." ગોપીનાથ લખે છે કે 'મા'નો સત્ય પરિચય જે હોય તે, સાધારણ મનુષ્ય તેની વિશેષ કૃપા સિવાય લેશમાત્ર પણ જાણી શકશે નહિ, આમ છતાં 'મા'ના ચરિત્ર અને ઉપદેશથી તે 'મા'નું તત્ત્વ સમજી ન શકે તો પણ ચરિત્રમાંથી આત્મોન્નતિના માર્ગની શોધ મેળવી શકશે અને ઉપદેશ દ્વારા સાધન અને આચરણના વિષયમાં ઘણું શિક્ષણ મેળવી શકશે.

પ્રશ્ન એ થાય છે કે શ્રી'મા'ને જાણવાં કે પામવાં કઈ રીતે ? આનો અતિ સુંદર અને અદ્‌ભુત માર્ગ શ્રી ગોપીનાથ કવિરાજે આપણને બતાવ્યો છે. એમના પોતાના જ શબ્દોમાં જોઈએ તો તે આ પ્રમાણે છે : '...પોતાના સ્વલ્પ અને સીમિત જ્ઞાન દ્વારા 'મા'ના સ્વરૂપનો નિર્ણય કરવાને માટે આપણું તૈયાર થવું તે એક પ્રકારનો વ્યર્થ પ્રયત્ન જ છે. અનુમાન અને કલ્પનાની ઉપર ઊઠીને સત્યનું હૃદય આપણે લોકોએ દૃઢતાથી ગ્રહણ કરવું જોઈએ. 'મા'ને 'મા'ની જેમ ગંભીર અને આંતરિક ભાવથી સ્નેહ કરવો અને તેવી રીતે સ્નેહ કરતાં કરતાં જ 'મા'ના વાસ્તવિક સ્વરૂપની સાથે પોતાનું ક્રમશઃ અને ગાઢરૂપે મિલન કરવાની ચેષ્ટા કરવી એ આપણું કર્તવ્ય હોવું જોઈએ. આ મેં ઘણાંય વર્ષો પહેલાં જ અનુભવ કર્યો હતો અને આજ પણ કરી રહ્યો છું. મારો દૃઢ વિશ્વાસ છે કે આવી રીતે સ્નેહ કરવાથી જ 'મા' આપણાં આધાર અને યોગ્યતા અનુસાર આપણી નિકટ

પોતાના સ્વરૂપનો પૂર્ણતર સ્વરૂપે ક્રમશઃ પ્રકાશ કરશે.'

શુક્રવાર, ૨૭ ઑગસ્ટ, ૧૯૮૨ના રોજ શ્રી'મા'એ મહાપ્રયાણ આદર્યું ત્યારે દેશભરના વર્તમાનપત્રોએ બીજે દિવસે પ્રથમ પાના પર 'મા'ની તસ્વીર સાથે શ્રી'મા'ના બ્રહ્મલીન થયાના સમાચાર જગતમાં વહેતા મૂક્યા હતા. અંતે શ્રી'મા'ના આ શબ્દો સાથે વિરમીશું : "આ શરીર પોતાના માટે જ આવ્યું છે. સર્વત્ર ભગવાન જ ભગવાન છે. દ્વૈતની કોઈ જ વાત નથી. આ શરીરે કોઈની પાસેથી દીક્ષા લીધી નથી તેમજ કોઈને દીક્ષા આપતું નથી. તમે બધાં આ શરીર પાસે કેમ આવો છો ? સત્ ભાવનાથી, પરમાર્થની કથા-વાર્તા કરવા માટે. જે લોકો સંસારની વાસના લઈને આવે છે એ લોકો પણ એ શ્રદ્ધાથી આવે છે કે આ શરીર પાસે કોઈ શક્તિ છે. શક્તિ તો કોઈ જ નથી, આ ભગવાનની કૃપા છે કે તમારા જેવા સજ્જન લોકોનો સંગ મને મળી રહ્યો છે. જો કહો કે શરાબી, પાપી પણ તો આવે છે એ સાચું પણ થોડા સમય માટે પોતાનો અસત્‌ભાવ છોડીને આવે છે. જે જેવા ભાવથી આવે છે એ એવું જ લઈને જાય છે."

**—શ્રી કાર્તિકેય ભટ્ટ**

**(શ્રી શ્રી 'મા' આનંદમયી નિર્મલવાણી વિચાર)**

'કોઈપણ દુઃખભરી પરિસ્થિતિ જીવનનો અંત નથી. કદાચ એ નવા જીવન ભણી આગળ વધવાની શક્યતાનું આરંભબિંદુ પણ હોઈ શકે. તેથી તમારા દુઃખનું સન્માન કરો. અંગત પીડાનો સ્વીકાર કરી, તેની આરપાર જોવું. પૂરી સમજણ વિકસ્યા પછી એમાંથી બહાર નીકળવાનો માર્ગ મળે જ છે.'



## ॥ આ જીવનને મંદિર કરી દો ॥

**આ જીવનને મંદિર કરી દો**
**ત્રિલોકનું મહાતીર્થ કરી દો**
**તપના તેજે એવું મઢી દો**
**દર્શને દોડી આવે દેવો**
**આંગણે ઋષિમુનિઓ બિરાજે**
**શાસ્ત્રોની તે કથા સુણાવે—**
**દર્શન આપનાં સૌ કોઈ પામે**
**ને ભવરોગને સલામી આપે.**
**દૈવી સામગ્રીથી સજી લો**
**અજર, અમર એ તીર્થ કરી લો**
**પ્રેમ પોકારો આજ સુણી લો**
**સાધનાની ફલશ્રુતિ ધરી દો.**
**સર્વેશ્વરીનું વિસર્જન કરી દો**
**સર્વ સ્વરૂપે આપ બિરાજો**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

**॥ આસ્વાદ ॥**

અત્યંત સાદા-સીદા, સરલ શબ્દોમાં અતિ ગંભીર, ગહન વાત માર્મિક રીતે કેવી રીતે કહી શકાય એનો અદ્‌ભુત કીમિયો પૂ.શ્રી'મા'ની શ્રી કલમમાં છે. એનું જીવંત ઉદાહરણ આ કાવ્ય છે.

'આ જીવનને મંદિર કરી દો' કાવ્યની આ પ્રથમ પંક્તિમાં અતિ સીધી, સાદી માગણી છે, જીવન સાત્ત્વિકતા, પવિત્રતાનો

પર્યાય બની રહે; એ ભાવના છે. બીજી પંક્તિમાં એ 'ત્રિલોકનું મહાતીર્થ' બની રહે એવી મહત્ત્વાકાંક્ષા છે. પોતાની ભવ્ય ગરિમા સિદ્ધ કરવા એ મંદિર પોતાના તપના તેજથી એવું મઢાય કે દેવો દર્શન માટે દોડી આવે; એના આંગણામાં ઋષિમુનિઓ શાસ્ત્રોની કથા સુણાવતા હોય, સર્વ દર્શનાર્થીઓને પ્રભુનાં દર્શન પ્રાપ્ત થાય જેથી એ ભવરોગમાંથી મુક્ત થાય. એવી દૈવી સામગ્રીથી સજાય કે એ અજર અમર તીર્થ બની જાય. આમ જેમ જેમ કાવ્ય પંક્તિઓમાં વિસ્તાર પામતું જાય છે તેમ તેમ 'મંદિર'ની વ્યાખ્યા-વિભાવના પણ જાણે વિસ્તરતી જાય છે.

'મંદિર' એટલે ઈંટ-ચૂનાની સામાન્ય ઈમારત નહિ, તપતેજથી મઢાયેલા તીર્થની દિવ્યતા દેવોને લુબ્ધ કરે, ઋષિમુનિઓને શાસ્ત્રકથા સુણાવવા માટેનું એ પુનિત સ્થાન લાગે, અહીં આવનાર મંદિરની ભવ્યતાને જ નહિ, તેમાં પ્રતિષ્ઠિત પ્રભુનાં દર્શને આવે ને સામાન્ય સુખદુઃખોનાં લેખાંજોખાંને બદલે સીધી ભવરોગની જ મુક્તિ મેળવે.

આ જીવનની આવી ક્ષમતા-સંભાવના સિદ્ધ થઈ જાય તો પોતે પ્રભુને પ્રેમપોકાર સંભળાવવા લાયક બને જેમાં 'સાધનાની ફલશ્રુતિ'ની અપેક્ષા રહે અને તે પોતાનું વિસર્જન.' કાવ્યની પણ આ ફલશ્રુતિ-પરાકાષ્ઠા છે, અને તે એ કે, જો ઈશ્વરના અનુગ્રહથી માનવજીવન એવા મંદિરમાં રૂપાંતરિત થઈ જાય કે, એમાં પવિત્રતા, સાત્ત્વિકતા, દિવ્યતા તેમજ અલૌકિકતાની આભાઓ ભળતાં એ અનુપમ બની જાય. પછી તો તે માનુષી જીવનમાં દૈવી તત્ત્વનો એવો આવિર્ભાવ થાય કે, તે પ્રભુ પાસે, સ્વવિસર્જનની માગણી મૂકી શકે.

કાવ્યના પ્રારંભમાં કવયિત્રી શ્રી 'મા' પવિત્ર મંદિરસ્વરૂપ



ચાહે છે પણ એનો હેતુ સિદ્ધ થઈ જતાં, છેવટે એનું વિસર્જન ચાહે છે. કાવ્યની અંતિમ પંક્તિમાં આખા કાવ્યનું હાર્દ પ્રગટે છે-સર્વસ્વરૂપે પરમાત્માને પ્રતિષ્ઠ કરવા એ જ જીવનનું એકમાત્ર લક્ષ્ય, અંતિમ પ્રાપ્તવ્ય. એ માટે સંપૂર્ણ અસ્તિત્વલોપ સહજ ઇચ્છે છે.

કાવ્યનો વ્યંજિત ધ્વનિ અતિ મનોહર છે. કે મનુષ્યજન્મ દિવ્ય ચેતનામાં પરિવર્તિત કરવા મળ્યો છે. સર્વપ્રકારે એ સિદ્ધ થઈ જાય તો પછી પરમાત્મામાં સંપૂર્ણ વિસર્જિત થઈને જ એ સાર્થક થાય. કેમકે તો જ સર્વસ્વરૂપે પ્રભુ બિરાજે-પૂર્ણપણે પ્રતિષ્ઠિત થાય. અર્થાત્ જે શૂન્ય બને એ જ પૂર્ણત્વને પામે, પૂર્ણ બની શકે.

કબીરજી કહે છે ને,

**'પ્રેમકી ગલી અતિ સાંકરી, તામેં દોહૂ ન સમાય'**

પ્રેમની ગલી અતિ સાંકડી છે, તેમાં બે ન સમાય. ક્યાં તો ભક્ત ક્યાં તો ભગવાન ! ક્યાં તો અહંકાર ક્યાં તો આત્મા !

મંદિરનો મહિમા પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા પૂરતો જ છે. આવા તાત્ત્વિક સત્ય સુધી લઈ જતી પૂ.શ્રી 'મા'ની આ રચના જેટલી સરળ છે, એટલી જ ગહન છે. અને એટલે જ અતીવ રમણીય હોવા ઉપરાંત હૃદયને ચૈતન્યદીક્ષા અર્પનારી છે.

આ કાવ્ય અને તેનો આસ્વાદ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

## ॥ 'સ્વર્ગારોહણ'ની શિવરાત્રિનો શિવસંદેશ ॥

તા.૧૧ માર્ચના રોજ 'મહાશિવરાત્રિ' પર્વનો મહિમા 'સ્વર્ગારોહણ'માં અભૂતપૂર્વ રીતે અનુભવાયો.

ભગવાન શંકરના ભક્તોમાં ભારતભરમાં પ્રસિદ્ધ 'શિવમહિમ્નસ્તોત્ર'ના પૂજ્યશ્રી યોગેશ્વરજીના કાવ્યાનુવાદની પંક્તિઓનું ગુંજન, એમાં ભળી જતી પૂજ્યશ્રી યોગેશ્વરજીએ રચેલી ભવ્ય 'શિવસ્તુતિ'નું ગાન તેમજ 'અમરનાથની સ્તુતિ'નું ઉચ્ચારણ. ત્યાં ઉપસ્થિત ભક્તોના મન-અંતરમાં એક બાજુ શિવજીના ભવ્ય-ગૌરવપૂર્ણ સ્વરૂપને પ્રતિષ્ઠ કરી રહ્યું હતું. જેમકે—

'સુહાયે મસ્તકે ગંગા વળી મધુ ચંદ્ર માણે છે
શરીરે પુષ્પની માળાસમા સર્પો સુહાયે છે.'

તો બીજી બાજુ એની સમાંતરે શિવની જ સાક્ષાત્ મૂર્તિ સમા શ્રી યોગેશ્વરજીની ભવ્ય છબી ઊપસી રહી હતી :

'શ્રી યોગેશ્વર શિવ સાક્ષાત્.....'

આમ, આપણી આધ્યાત્મિક પરંપરા તેમજ ભગીરથ સાધનાના પ્રયોગથી સિદ્ધસ્વરૂપ એવાં બબ્બે શિવસ્વરૂપોની સ્મરણવંદના સતત ભક્તચિત્તોને ઝકઝોર કરતી હતી. સ્વર્ગારોહણના પ્રત્યેક કણ-કણમાં શિવતત્ત્વનો ઝંકાર અનુભવાતો હતો.

આવા શિવમય વાતાવરણમાં પરમ પૂજ્ય 'મા'નું શુભાગમન થતાં સ્વર્ગારોહણનો સત્સંગ શિવતત્ત્વની સુગંધથી



ઑર દિવ્ય-પવિત્ર બની રહ્યો.

કોરોના મહામારીના એક વર્ષના દીર્ઘ વિરહ પછીના પહેલા સત્સંગમાં કરુણામૂર્તિ પૂજ્યશ્રી 'મા'નું આ પ્રત્યક્ષ દર્શન હતું. પુરાણકથામાં અસુરોને હણવા 'મા' દુર્ગાસ્વરૂપ પ્રગટ્યું હતું, આજે જાણે અમારામાં આળસ-પ્રમાદમાં સુપ્ત સુરતત્ત્વને જગાડવા પૂ.શ્રી'મા'ની દિવ્યશક્તિ સાક્ષાત્ આવિર્ભૂત થઈ હતી !

પૂજ્યશ્રી 'મા'એ સત્સંગની શરૂઆતમાં જ 'શ્રી હરિની શબ્દયાત્રા'માંથી જે ગદ્યાંશોનું પઠન કરાવ્યું એમાં વિદેશમાં સંપૂર્ણ અપરિચિતા 'મા'ની 'ભીતર સંપદા' ત્યાંના મંદિરના પૂજારીઓ તેમજ અન્ય સામાન્યજનો કેવી અલૌકિક રીતે પામી જાય છે, એની વાત હતી.

સહજ જ આ પ્રસંગો આપણને આપણી 'ભીતર' જગાડવાની કોશિશ કરી રહે છે, આપણને સમજવા પ્રેરે છે કે, કૈલાસનિવાસી શિવ કે સ્વર્ગારોહણના શિવસ્વરૂપે આપણાં પૂજ્યશ્રી 'મા'ને એમના પ્રતિનિધિ તરીકે આપણી સંમુખ 'મહાશિવરાત્રિએ' જ નહિ, હરેક રાત્રિ-દિનને શિવ બનાવવા કલ્યાણમયી સ્વરૂપે હંમેશ માટે નિયુક્ત કરી દીધા છે.

એટલે પૂ.શ્રી'મા'ને આપણા જેવાં, આપણામાંનાં એક એવાં સાધારણ સમજીને એમના 'ભીતરી અજવાસ'ને ઓળખવામાં ગાફેલ રહીશું તો આંગણે આવેલા સૂરજથી અસ્પૃષ્ટ, અજાણ રહી જઈશું.

પૂજ્યશ્રી'મા'નાં પ્રેમકિરણો આપણા સુધી ફરી પ્રસરી રહ્યાં છે, આપણે તો માત્ર બંધ આંખ ખોલીને એ જોવાનાં-

અનુભવવાનાં છે.

પૂજ્યશ્રી'મા' અત્યારે વિદેશથી સ્વદેશ પધાર્યાં છે, પાછાં વિદેશ કદાચ જશે પણ જ્યાં જાય છે ત્યાં જગવવા જાય છે. હાલ, આપણાં કંઈ કેટલાંય જન્મોના પુણ્યબળે આવાં પ્રેમમયી 'મા' આપણી સંમુખ, હાજરાહજૂર છે, પોકાર કરીએ એ પહેલાં પ્રેમભર્યું ઉદ્‌બોધન લઈ સ્વયં બિરાજ્યાં છે તો આવો આપણે શ્રી 'મા'નાં શિવસ્વરૂપને ઓળખવામાં વિલંબ ન કરીએ, સાથે જ આપણામાં પોઢેલા શિવતત્ત્વને પણ વેળાસર જગાડી દઈએ. કેમકે, 'શિવં ભૂત્વા શિવં યજેત્.' શિવને ઓળખવા શિવ થવું પડે.

શિવરાત્રિના પરમ પ્રસાદરૂપે આ 'શાશ્વત શિવસંદેશ' સાંકેતિક રીતે અર્પવા પરમ પ્રેમમયી શિવસ્વરૂપા શ્રી'મા'ને કોટિ કોટિ પ્રણામ !

**–સંકલન**

'જીવનનાં સત્ય સર્વને વહેંચી શકાતાં નથી. કેમકે, જેનામાં તરસ જ નથી એને માટે પાણીનો કોઈ અર્થ નથી. તેઓ સરોવરને કિનારે ઊભા હશે તોપણ સરોવર એમને દેખાશે નહિ. કરુણાની કમીને કારણે નહિ પણ તમારી તરસ હશે તો જ તમે પાત્ર થઈ શકશો ને એમાં કાંઈ ભરી શકાશે. અને જરૂરી નથી કે તરસ છિપાવવા તમારે ગુરુ ખોજવા પડે. તરસ હશે તો ગુરુ જ તમને ખોજી લેશે. જ્યારે શિષ્ય તૈયાર છે તો ગુરુ પ્રગટ થઈ જ જાય છે.'



# ॥ 'શત યોગ વંદનમ્' : અદ્‌ભુત સ્મૃતિપર્વ ॥

'સ્વર્ગારોહણ'-'સ્વર્ગદ્વાર ઍપ' પરથી પ્રસારિત થયેલ ત્રિદિવસીય 'શત યોગ વંદનમ્' રાત્રિપર્વનો (તા.૧૮/૩ થી ૨૦/૦૩/૨૦૨૧) વિશેષ કાર્યક્રમ સાચે જ અદ્‌ભુત લહાણું બની રહ્યો.

બે મહાન વિભૂતિ એક આત્મદર્શી પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પરમ યોગિની 'મા' સર્વેશ્વરીનાં દર્શન શ્રવણ અને આત્મિક સંસ્પર્શ પામ્યાનો અનેરો આનંદ પ્રત્યેક દર્શકે મન ભરીને માણ્યો.

આપણું ચિત્ત કોણ જાણે એક અજબનું આકર્ષણ અને શાંતિનો અનુભવ કરતું હતું. એકથી દોઢ કલાકના આ શુદ્ધ સત્સંગમાં મન અને અંતઃકરણ બન્ને ગુરુકૃપાની પાવનગંગમાં અનાયાસે જ અવગાહન કરતું સ્મરણ સાથે દર્શનનો સંતોષ લેતું હતું. શાંત, સુંદર શીતળ, પુણ્યપ્રદાયક, સ્નેહજળમાં સહજ જ ડૂબી જવાતું હતું.

આપણી આંખો અને શ્રવણેન્દ્રિય શ્રીહરિપ્રભુ અને 'મા' ભગવતીનાં તત્કાલીન દર્શન કરી કરીને તેઓના સુમધુર કંઠે ગવાતી ધૂન અને ભજનનું (પદ) શ્રવણ કરી કરીને આતમ અનેરા અનુરાગમાં ગુંથાઈ રહ્યો હતો. અપૂર્વ સંતૃપ્તિનો ઑડકાર હૃદય લઈ રહ્યું હતું. મન કહે આવું રોજ જ મળે તો કેવું સારું ?

આપોઆપ જ એ સર્વશ્રેષ્ઠ મહાપુરુષ પાસે જાણે સાક્ષાત્ પહોંચી જવાયું. ૧૯૮૦થી ઈ.સ. ૧૯૮૪ માર્ચના એ ભવ્ય ને દિવ્ય પરમસુખકારી દિવસોનું સ્મરણપટ ખુલી ગયું ! થયું કે આ યંત્રસંનિધિ (T.V/mob.) દ્વારા સ્થપાતો કૃપાયોગ આટલો ઉપકારક હોઈ શકે ? હા, એ સત્ય છે.

પર્વના પ્રારંભમાં અને અંતમાં પૂ.શ્રી'મા'ના મધુર કંઠે ગવાતું પદ :

'અશરણ શરણ તમે છો સાચે આવ્યો છું શરણે,
તમારા...આવ્યો છું શરણે.

અનુપમ સુખધારાનું દર્શન થાય મને ચરણે તમારા...'

એ આત્મા અને પરમાત્માના મધુર મિલનસમું લાગ્યું. શ્રી હરિપ્રભુજીના શ્રીમુખે ગવાતી ધૂન :

'શ્રીકૃષ્ણ શરણમ્ મમ્ શ્રી કૃષ્ણ શરણમ્મમ્ ૐ શ્રી કૃષ્ણ...
શ્રી રામ શરણમ્ મમ્....................ૐ શ્રી કૃષ્ણ...
ગોવિંદ શરણમ્ મમ્.....................ૐ શ્રી કૃષ્ણ...
ગોપાલ શરણમ્ મમ્....................ૐ શ્રી કૃષ્ણ...
શ્રી શિવ શરણમ્ મમ્...................ૐ શ્રી કૃષ્ણ...
જગદંબા શરણમ્ મમ્..................ૐ શ્રી કૃષ્ણ...
શ્રી કૃષ્ણ શરણમ્ મમ્..................ૐ શ્રી કૃષ્ણ...'

સાંભળી મન-ચિત્તની બધી વૃત્તિઓ એક સૂરમાં વહી શ્રી હરિની દિવ્ય સંનિધિસુખમાં ધ્યાનની એકાગ્રતાનો આનંદ લેતી હતી. સદેહે પ્રભુજી પાસે જ બેઠાં હોઈએ એવું જ લાગતું હતું. [શુદ્ધ સત્સંગની અવનવીન ખુશબૂ, તેજ અને રસની છોળો રેલાવતા પૂ.શ્રી'મા' કુટિયા પાસેના નાનકડા બગીચા વચ્ચે ગોઠવાયેલી બેઠક પર પૂ.શ્રી પ્રભુજીના સ્વરૂપ સાથે વિરાજમાન છે.]

તે દિવસોમાં નિહાળેલાં નાની વયનાં પૂ.શ્રી'મા' અને સાંપ્રતના પૂ.શ્રી'મા'માં પ્રભુભક્તિ, મસ્તી, પ્રેમ, શ્રદ્ધા ને સમર્પણ અચલ જોવા મળે છે.

મા-પ્રભુજીના શ્રી કંઠે ગવાતાં પ્રત્યેક ધૂન અને ભજન એક-એકથી ઉત્તમ ! જે જીવને ગુરુભક્તિમાં સ્થિરતા ધરી ભાવમાં વૃદ્ધિ કરતાં હતાં.

જેમકે : 'મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા,
જેથી જનમ મરણના ફેરા ટળ્યા...'

ત્યાં પૂ.શ્રી'મા'ની સ્લેટમાં શ્રીહરિ અક્ષરદેહે પગલી પાડે છે :

'આજે વિશેષ દિવસ છે. 'યોગ શત વંદનમ્' પર્વનો આજે સ્મરણીય પાવન દિન છે. સમર્થ મહાપુરુષે પૃથ્વીપટે શ્રેષ્ઠ અભિનય પૂર્ણ કરીને પ્રસ્થાન કર્યું. દેવલોકે આજે દીવાળીનું



મંગલપર્વ છે. પૃથ્વીપટે એ પ્રસ્થાન જગાડનારું પર્વ છે. ૧૯૮૪, ૧૮ માર્ચના એ પવિત્ર દિવસની દિનચર્ચા શ્રી 'યોગેશ્વરકથામૃત'માં નોંધાય છે. તેનું શ્રવણ કરીશું. ઘણા સમય પછી ભક્તદર્શનયોગ પ્રભુ કૃપાએ મળ્યો છે તો આજનું પર્વ હવે માણીશું.' [શ્રી દેવાંગભાઈ દેસાઈ શ્રી 'યોગેશ્વરકથામૃત'ની ૧૮ માર્ચ ૧૯૮૪ની નોંધ પ્રેમપૂર્વક વાંચી સંભળાવે છે.] જેમાં પ્રભુજી પોતે પોતાનું સ્વરચિત પદ—

'પ્રભુ પ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં,
પ્રેમ પાવો વાગી ગયો મારા પ્રાણમાં...'

ગાઈ-ગવડાવે છે. સૌ આનંદ તરબોળ થઈ ઊઠે છે. પૂ.શ્રી'મા' પણ પ્રવચનના અંતે પોતાનું સ્વરચિત પદ ગાય છે.

'પ્રભુ મને પાજો રે પ્રેમનો પ્યાલો,
જેને પીને રાધા શ્યામ બની ગઈ.
એવો એ પ્રેમનો પ્યાલો પીયૂષનો પ્યાલો...પ્રભુમયને...'

૧૮ મિનિટ ચાલેલી આ પ્રવચનયાત્રાના અંતિમ શબ્દો 'આ જ રામચરિત માનસનો સાર છે.' હતા. કથામૃતવાચન બાદ પૂ.શ્રી'મા' કુટિયામાં બિરાજમાન પંચદેવોને પ્રાર્થના સહિત હાથ જોડી દર્શન પ્રણામ કરી પ્રસ્થાન કરે છે. નેપથ્યમાં પંડિત શ્રી જસરાજના ઘનગંભીર સ્વરમાં ૐ યોગેશ્વરાય નમઃ...ની ધૂન સંભળાય છે.

'પૂર્ણ કરું યાત્રાને ત્યારે પાછળ પગલાં પુનિત પડાયે...' શ્રી હરિપ્રભુજી વિદાય લેતા અને પૂ.શ્રીમા પાછળ પાછળ પગલી ભરતાં...નું દૃશ્ય બતાવાય છે. (ચિત્રપટ પર) 'યોગેશ્વર ભગવાન એ છે મારા જીવનના આરામ. કરું છું એના ચરણે કોટિ પ્રણામ જી....' પૂ.શ્રી'મા'ના મધુર કંઠે ગવાતી આ પદપંક્તિઓ સાથે આજનું પર્વ પૂર્ણ થાય છે.

તા.૧૯ના પર્વની દ્વિતીય દિવસની શરૂઆતમાં મહાત્માજીના શ્રીમુખે :

'શ્રીમન નારાયણ નારાયણ નારાયણ...

બદરી નારાયણ નારાયણ નારાયણ

લક્ષ્મી નારાયણ નારાયણ નારાયણ

સ્વામી નારાયણ નારાયણ નારાયણ'ની ધૂન સાથે વિડીયો દર્શન પ્રારંભાય છે.

'ચાર દિવસની બાજી જીવન ચાર દિવસની બાજી

ધર્મ વળી શુભ કર્મ કરી લે ચાર દિવસની બાજી...' પદ પ્રભુજી ગવડાવે છે.

અને પૂ.શ્રી'મા'ની સ્લેટમાં અક્ષરો અંકિત થાય છે. 'પરમાત્માની મંગલ યોજના મુજબ મહાપુરુષો પોતાના સોંપાયેલા અભિનય પૃથ્વીપટે શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરે છે. એવા સમર્થ મહાપુરુષ આપણને ૧૯૨૧ થી ૧૯૮૪ સુધી પૂર્વના પુણ્યે પ્રાપ્ત થયા. એ મહાપુરુષે હિમાલયમાં કઠોર સાધના કરી આત્મસાક્ષાત્કારના સર્વોત્તમ શિખરો સર કર્યા. એવા મહાપુરુષો પોતાનાં જીવનમાં જે જે ઉપદેશ ધરે તે તે પ્રમાણે શ્રેષ્ઠ આચરણ પણ કરતા જણાયા છે. પૂ.શ્રી યોગેશ્વરજીએ પણ પોતાના જીવનમાં પોતાના શ્રીમુખે જે જે કહ્યું તે તે સઘળું જીવનમાં આચરણમાં ઊતાર્યું. આપમાં 'શત યોગ વંદનમ્' પર્વમાં એ મહાપુરુષની જે જે વિશેષતા હતી તેનું દર્શન હવે પછીના શ્રવણમાં કરીશું.'

પ.પૂ.ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીનું વિડીયોદર્શન શરૂ થાય છે. ત્યારબાદ 'કહ્યું તે જ કર્યું'ને સંલગ્ન પૂ.શ્રી'મા'ની મહાત્માજીની વિશેષતા ઉજાગર કરતી લેખનનોંધ વંચાય છે. ત્યારબાદ પૂ.શ્રી પ્રભુજીની અમૃતવાણીનું મનભર શ્રવણ કરાવતી DVDમાં 'જીવનપરિવર્તન' દર્શાવાય છે.

'મૂકમ્ કરોતિ વાચાલમ્ પંગુમ્ લંઘયતે ગિરિમ્...'

અને

'હે જગત્રાતા વિશ્વવિધાતા હે સુખ શાંતિનિકેતન હે...



પ્રેમ કે સિંધુ, દીન કે બંધુ,

દુઃખ દારિદ્રય વિનાશન હે...હે જગત્રાતા

નિત્ય અખંડ અનંત અનાદિ

પૂરણ બ્રહ્મ સનાતન હે...હે જગત્રાતા

જગઆશ્રય, જગપતિ, જગવંદન

અનુપમ અલખ નિરંજન હે...હે જગત્રાતા..

પ્રાણસખા ત્રિભુવનપ્રતિપાલક

જીવન કે અવલંબન હે...

હે જગત્રાતા વિશ્વવિધાતા...'

પ્રાર્થના પ્રભુજી ગંભીરગહન ભાવ સાથે ગવડાવે છે. ને કહે છે : પરમાત્માની અસીમકૃપા, અસાધારણ અનુગ્રહ થાય ત્યારે પરમાત્મા સદ્બુદ્ધિનું દાન કરે છે. બાદ 'હરે કૃષ્ણા, હરે કૃષ્ણા કૃષ્ણા કૃષ્ણા હરે હરે...'ની ધૂન સાથે દ્વિતીય રાત્રિપર્વ પૂર્ણ થાય છે.

તા.૨૦ના તૃતીયદિન પર્વે કેવળ પ.પૂ.શ્રી યોગેશ્વરજી અને પૂ.શ્રીમા સર્વેશ્વરીના દિવ્ય મધુર કંઠે ગવાતી ધૂન અને ભજનની મધુર સરવાણીમાં સૌ સાધક-ભક્તોનું મન મોજ માણે છે.

આ બન્ને પરમ વિભૂતિઓનું સૂક્ષ્મ સાન્નિધ્ય વિજ્ઞાનના વિકાસના કારણે ભૌતિક યંત્ર દ્વારા 'ઉત્તમ શુદ્ધ સત્સંગ' અર્થાત્ આંતરિક ભાવોનું પોષણ અને સંસ્કરણ કરતી સમગ્ર વ્યક્તિત્વને ઝંકૃત કરતી 'પળોનું નિર્માણ' પૂ.શ્રી'મા'ની અસીમ કૃપા ને કરુણાથી માણી શકાયું.

દિવ્ય અનુપમ સંગતિને માણતો આતમદેવ પરમ શાંતિ ને સુખનો અનુભવ કરે છે.

આમ ગુરુકૃપાના સીધા સંસ્પર્શાનુભવનું પર્વ એટલે પરમચૈતન્યનો ચૈતન્યને સીધો સંસ્પર્શ કરાવતું આ અદ્ભુત પર્વ 'શત યોગ વંદનમ્' નિત્ય સ્મરણમાં રહેશે.

**—ડૉ. અરુણા ઠાકર**